dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue-112 | AD - 2026, Maha Sud - 10 | Wednesday, Dt. 28-01-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### સંરક્ષણ અને સુરક્ષા સહયોગ એ કોઈપણ વ્યૂહાત્મક ભાગીદારીનો પાયો છે : મોદી

## ઈયુ અને યુરોપિયન કમિશન સાથે મુક્ત વેપાર કરાર માટે વાટાઘાટો કરતા પીએમ મોદી

નવીદિલ્હી,તા.૨૭

યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયન સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા, પ્રધાનમંત્રી મોદીએ અનેક મહત્વપૂર્ણ ટિપ્પણીઓ કરી. તેમણે કહ્યું, "ગઈકાલે એક ઐતિહાસિક ક્ષણ હતી, કારણ કે પહેલીવાર,ઈયુ નેતાઓ ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. આજે બીજો એક ઐતિહાસિક પ્રસંગ છે, કારણ કે વિશ્વની બે સૌથી મોટી લોકશાહી શક્તિઓ તેમના સંબંધોમાં એક નિર્ણાયક નવો અધ્યાય ખોલે છે."

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેનની હાજરીમાં, ભારત-ઈયુ મુક્ત વેપાર કરાર માટે વાટાઘાટો પૂર્ણ કરતી રાજકીય ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા અને સમજૂતી કરારનું વિનિમય કરવામાં આવ્યું."

પીએમ મોદી, યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેનની હાજરીમાં સહકાર અને આપત્તિ જોખમ વ્યવસ્થાપન પર વહીવટી વ્યવસ્થા સંબંધિત દસ્તાવેજોનું વિનિમય કરવામાં આવ્યું.



વડાપ્રધાન મોદીએ કહ્યું, "છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત-ઈયુ સંબંધોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. વહેંચાયેલ લોકશાહી મૂલ્યો, આર્થિક તાલમેલ અને મજબૂત લોકો-થી-લોકોના સંબંધો આપણી ભાગીદારીને નવી ઊંચાઈએ લઈ જઈ રહ્યા છે. આજે, આપણો વેપાર ૧૮૦ અબજ યુરોનો છે. ૮૦૦,૦૦૦થી વધુ ભારતીયો રહે છે અને ઈયુમાં સક્રિયપણે યોગદાન આપે છે. આજે, ભારતે તેના ઈતિહાસમાં સૌથી મોટો મુક્ત વેપાર કરાર પૂર્ણ કર્યો છે.

પીએમ મોદીએ કહ્યું, "આજે ૨૭મી તારીખ છે. આ એક સુખદ સંયોગ છે કે ભારત આ દિવસે ૨૭ ઈયુ દેશો સાથે આ ફ્ઌછ પર હસ્તાક્ષર કરી રહ્યું છે. આ એફટીએ આપણા ખેડૂતો અને નાના ઉદ્યોગો માટે યુરોપિયન બજારમાં પ્રવેશને સરળ બનાવશે. તે ઉત્પાદનમાં નવી તકો ઊભી કરશે અને સેવા ક્ષેત્રમાં સહયોગને વધુ મજબૂત બનાવશે."

ભારત-ઈયુ મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર સમયે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, "સંરક્ષણ અને સુરક્ષા સહયોગ એ કોઈપણ વ્યૂહાત્મક ભાગીદારીનો પાયો છે. આજે, અમે સુરક્ષા અને સંરક્ષણ ભાગીદારી દ્વારા તેને ઔપચારિક બનાવી રહ્યા છીએ...હિન્દો-પ્રશાંત ક્ષેત્રમાં આપણા સહયોગનો વ્યાપ વધુ વિસ્તરશે. આપણી સંરક્ષણ કંપનીઓ સહ-વિકાસ અને સહ-ઉત્પાદન માટે નવી તકોનો અનુભવ કરશે."

એન્ટોનિયો કોસ્ટાએ કહ્યું, "ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા છે.આપણા બે ખંડો વચ્ચે વેપાર સદીઓથી ચાલી રહ્યો છે.વેપાર એક મહત્વપૂર્ણ ભૂરાજકીય સ્થિરતા અને આર્થિક વિકાસનો મૂળભૂત સ્રોત છે. વેપાર કરારો નિયમો-આધારિત આર્થિક વ્યવસ્થાને મજબૂત બનાવે છે અને સહિયારી સમૃદ્ધિને પ્રોત્સાહન આપે છે. તેથી જ આજના મુક્ત વેપાર કરારનું ઐતિહાસિક મહત્વ છે. તે અત્યાર સુધીના સૌથી મહત્વાકાંક્ષી કરારોમાંનો એક છે, જે ૨ અબજ લોકોનું બજાર બનાવે છે."

## યુજીસીના નિયમોને લઈ સવર્ણોમાં આક્રોશ, યુપીમાં ઠેર-ઠેર દેખાવો શરૂ

લખનૌ,તા.૨૭

UGCના નિયમોને લઈને સવર્ણોમાં આક્રોશ સતત વધી રહ્યો છે. અત્યાર સુધી સોશિયલ મીડિયામાં વિરોધ નોંધાવવામાં આવી રહ્યો હતો. પરંતુ હવે દિલ્હીથી લઈને યુપી સુધી લોકો રસ્તા પર ઉતરીને વિરોધ નોંધાવી રહ્યા છે. આજે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના હેડક્વાર્ટર બહાર વિદ્યાર્થીઓ વિરોધ માટે એકત્રિત થયા હતા. આ સિવાય ઉત્તર પ્રદેશમાં પણ ઠેર ઠેર દેખાવોનું આયોજન કરાયું છે. નોંધનીય છે કે દેશભરની યુનિવર્સિટીઓમાં જ્ઞાતિ આધારિત ભેદભાવ દૂર કરવા માટે સરકારે નવા નિયમ બનાવ્યા હતા. જેને લઈને વિરોધ થઈ રહ્યો છે. સવર્ણ સમાજનું કહેવું છે કે આ નિયમો એકતરફી




અને અસ્પષ્ટ છે જેના કારણે તેનો દુરુપયોગ થવાની આશંકા છે. UGCએ આદેશ આપ્યા છે કે જ્ઞાતિ આધારિત ભેદભાવ રોકવા માટે SC, ST અનu OBCના વિદ્યાર્થીઓ માટે ૨૪/૭ હેલ્પલાઈન નંબર, ઈક્વિટી સેન્ટર બનાવવામાં આવશે. નવા નિયમ મુજબ, જ્ઞાતિ આધારિત ભેદભાવમાં માત્ર SC, ST અને OBC વર્ગના સભ્યો સામેલ થયેલા ભેદભાવ જ ગણવામાં આવશે. જનરલ કેટેગરી સાથે કોઈ ભેદભાવ થાય તો કોઈ કાયદાકીય રક્ષણ નહીં મળે.જો કોઈ જાણીજોઈને ખોટી ફરિયાદ કરે તો તેની સામે દંડ કે સજાની કોઈ જોગવાઈ નથી. એવામાં અંગત અદાવત કાઢવા નિર્દોષ વિદ્યાર્થીઓ અથવા પ્રોફેસરોને નિશાન બનાવાશે. કોલેજોમાં સમાનતા સમિતિ બનાવવામાં આવશે. તેમાં SC, ST, OBC, મહિલા અનિવાર્ય છે પરંતુ જનરલ કેટેગરીના પ્રતિનિધિત્વ માટે કોઈ જોગવાઈ નથી.

## આગ્રામાં અખિલ ભારત હિન્દુ મહાસભાના કાર્યકરોએ તાજમહેલ પર તિરંગો ફરકાવ્યો

આગ્રા,તા.૨૭

આગ્રામાં અખિલ ભારત હિન્દુ મહાસભા સાથે જોડાયેલા કાર્યકરોએ તાજમહેલ પર તિરંગો ફરકાવ્યો. ભારત માતા કી જયના નારા લગાવ્યા. આનો VIDEO સામે આવ્યા બાદ ખળભળાટ મચી ગયો. CISF મામલાની તપાસ કરી રહી છે. ધ્વજ ફરકાવનાર કાર્યકરો નંદુ કુમાર અને નિતેશ ભારદ્વાજે કહ્યું કે, ''તાજમહેલ, તેજોમહાલય મંદિર છે. જ્યારથી તાજમહેલ બન્યો છે ત્યારથી પહેલીવાર અંદર રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં




આવ્યો. યોગીએ આહ્વાન કર્યું હતું કે તમામ મદરેસાઓ અને મસ્જિદોમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવો ફરજિયાત છે, તેથી તેમણે અહીં ધ્વજ ફરકાવ્યો.''હિંદુ મહાસભાના કાર્યકરો નંદુ કુમાર અને નિતેશ ભારદ્વાજે તાજમહેલને ''તેજોમહાલય'' ગણાવતા તેને પ્રાચીન શિવ મંદિર હોવાનો દાવો દોહરાવ્યો. તેમનો દાવો છે કે જ્યારથી તાજમહેલ બન્યો છે ત્યારથી પહેલીવાર અંદર રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો છે. સીએમ યોગી આદિત્યનાથે આહ્વાન કર્યું હતું કે તમામ મદરેસાઓ અને મસ્જિદોમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવો ફરજિયાત છે, તેના માટે તેમણે અહીં ધ્વજ ફરકાવ્યો. સંગઠનનું કહેવું છે કે તેઓ લાંબા સમયથી તાજમહેલમાં હિંદુ ધાર્મિક ગતિવિધિઓની પરવાનગીની માગ કરી રહ્યા છે. કાર્યકર્તાઓએ આરોપ લગાવ્યો કે સરકાર અને પુરાતત્વ વિભાગ ઐતિહાસિક તથ્યોને દબાવી રહ્યા છે.

## પ.બંગાળના ૨૪ પરગણા જિલ્લામાં બે ગોડાઉનમાં આગ : ૮ લોકો ભડથુ

૨૪ પરગણા,તા.૨૭

પશ્ચિમ બંગાળના સાઉથ ૨૪ પરગણા જિલ્લામાં સોમવારે સવારે બે ગોડાઉનમાં આગ લાગવાથી ૮ લોકોના મોત થયા. ઘણા મજૂરો ગુમ છે. પોલીસના જણાવ્યા અનુસાર, આગ સવારે લગભગ ૩ વાગ્યે લાગી હતી. ફાયર બ્રિગેડની ૧૨ ગાડીઓએ લગભગ ૭ કલાકની જહેમત બાદ સવારે ૧૦ વાગ્યે આગ પર કાબૂ મેળવ્યો. જોકે, ગોડાઉનના કેટલાક ભાગોમાં મોડી સાંજ સુધી ધુમાડો અને આગ ચાલુ રહી હતી. સાંજે લગભગ ૫ વાગ્યે ત્રણ મૃતદેહ મળ્યા. બાદમાં શોધખોળ દરમિયાન



અન્ય પાંચ મૃતદેહ મળી આવ્યા. બારુઈપુર પોલીસ જિલ્લાના એસપી શુભેન્દુ કુમારે જણાવ્યું કે તમામ મૃતદેહો એટલી ખરાબ રીતે દાઝી ગયા છે કે ઓળખ શક્ય નથી. શરૂઆતમાં ૬ લોકો ગુમ થયા હોવાની માહિતી મળી હતી, પરંતુ પરિવારજનોનું કહેવું છે કે આ સંખ્યા ૧૦ થી વધુ હોઈ શકે છે. ગોડાઉનમાં એક ડેકોરેટિંગ કંપની અને એક લોકપ્રિય મોમો ચેઈનના મજૂરો કામ કરતા હતા, જેઓ ત્યાં જ કામચલાઉ રૂમોમાં રહેતા હતા. ચાર મજૂરોએ સમયસર ફેક્ટરીમાંથી બહાર ભાગીને પોતાનો જીવ બચાવ્યો. મૃતક અને ગુમ થયેલા મજૂરો પૂર્વ મેદિનીપુર, પશ્ચિમ મેદિનીપુર અને દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના રહેવાસી છે. ભાજપના ધારાસભ્ય અશોક ડિંડાએ આરોપ લગાવ્યો કે અડધી રાત્રે ગોડાઉનનો મેન દરવાજો બંધ હતો, જેના કારણે ઘણા મજૂરો બહાર નીકળી શક્યા ન હતા. દિવાલો તોડીને ધુમાડો બહાર કાઢવાનો પ્રયાસ કર્યો.રાજ્યના વીજળી મંત્રી આરુપ બિસ્વાસે કહ્યું કે ગાઢ ધુમાડો હટ્યા પછી જ સ્પષ્ટ થશે કે અંદર કોઈ ફસાયું હતું કે નહીં. તેમણે જણાવ્યું કે કોલકાતા નગર નિગમની ડિમોલિશન ટીમને દિવાલો તોડવા માટે બોલાવવામાં આવી હતી જેથી ધુમાડો બહાર નીકળી શકે. ફાયર સર્વિસ મંત્રી સુજીત બોઝે કહ્યું કે બચાવ કામગીરી ચાલુ છે. ઘટનાસ્થળે હાઈ-માસ્ટ લાઈટો લગાવવામાં આવી છે. ફાયર સેફ્ટી અંગે વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ આરોપ લગાવ્યો કે આટલી મોટી આગની ઘટનામાં રાજ્ય સરકારે અસંવેદનશીલતા અને આપત્તિ વ્યવસ્થાપનમાં તાલમેલનો અભાવ દર્શાવ્યો. મંત્રી અને વરિષ્ઠ અધિકારીઓ ગણતંત્ર દિવસની રજાઓ માણી રહ્યા હતા.

## ઝારખંડમાં ટ્રક સાથે બાઈક અથડાતા ચાર બાઈકસવારોના થયા કરૂણ મોત

### ટ્રકને ઓવરટ્રેક કરવાના પ્રયાસમાં બની ઘટના

(એચ.એસ.એલ),સિંહભૂમ,તા.૨૭

ઝારખંડના પશ્ચિમ સિંહભૂમ જિલ્લામાં એક દુઃખદ અકસ્માત થયો છે. ટ્રક સાથે અથડાયા બાદ બાઈક સવાર ચાર લોકોના મોત થયા. પોલીસે મંગળવારે આ ઘટનાની જાહેરાત કરી. પોલીસ ટીમ દ્વારા ટ્રકને કબજે કરવામાં આવી છે. તમામ મૃતકોના મૃતદેહને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે અને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. પોલીસનું કહેવું છે કે પોસ્ટમોર્ટમ રિપોર્ટ પછી ખબર પડશે કે બાઈક સવારો નશામાં હતા કે નહીં. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે કરૈકેલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ અકસ્માત થયો. સોમવારે સવારે ૩ વાગ્યે એક મોટરસાઈકલ ટ્રકને ઓવરટેક કરવાનો પ્રયાસ કરી રહી હતી, પરંતુ તેની સાથે અથડાઈ ગઈ. ટ્રક સાથે અથડાયા બાદ બાઈક પર સવાર ચારેય યુવાનોના મોત થયા. સ્ટેશન ઈન્ચાર્જ પ્યારે હસને જણાવ્યું કે, ચારેય યુવાનોનું ઘટનાસ્થળે જ મોત થયું. તેમની ઓળખ ચૈબાસા સદરનો આકાશ કુદાદા (૧૯), જમશેદપુરના સુંદરનગરનો અર્જુન ટુડુ (૨૨), સેરૈકેલા-ખરસાવન જિલ્લાના કુચાઈનો આકાશ ગોપે (૧૯) અને રવિ બિરુલી (૨૦) તરીકે થઈ છે. મૃતદેહોનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતુ.




## 'પરીક્ષા પે ચર્ચા' પીએમ મોદીએ બાળકો સાથે સીધી વાત કરી

ન્યુ દિલ્હી,તા.૨૭

પરીક્ષા પે ચર્ચાની ૯મી એડિશનનો વીડિયો રિલીઝ થયો છે, જેમાં પીએમ મોદી અલગ-અલગ સ્થળોએ બાળકો સાથે પ્રશ્ન-જવાબ કરતા જોવા મળી રહ્યા છે. વીડિયો અનુસાર, પીએમ મોદીએ દિલ્હી, કોઈમ્બતુર (તમિલનાડુ), રાયપુર (છત્તીસગઢ), દેવ મોગરા (ગુજરાત) અને ગુવાહાટી (આસામ)માં વિદ્યાર્થીઓ સાથે સીધી વાતચીત કરી.વીડિયોમાં બાળકો પૂછી રહ્યા છે કે આપણે સપનાની નજીક કેવી રીતે પહોંચી




શકીએ? આપણને પ્રેરણાની જરૂર છે કે અનુશાસનની. આત્મવિશ્વાસ માટે તમે શું સલાહ આપશો. તણાવને કેવી રીતે સંભાળવો. પીએમ બાળકોને કહી રહ્યા છે કે તેઓ લખવાની આદત પાડે. દરેકને બધું જ આવડતું નથી, પરંતુ દરેકને કંઈક ને કંઈક ચોક્કસ આવડે છે



# જાફરાબાદના બાલાની વાવ નજીક વાહન હડફેટે દીપડીનું મોત નિપજ્યુ

અમરેલી,તા.૨૭



અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓનો વસવાટ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. સિંહ-દીપડા હવે જંગલ વિસ્તાર છોડી રેવન્યૂ વિસ્તારમાં આંટાફેરા કરી રહ્યાં છે. જેમાં જાફરાબાદના બાલાનીવાવ નજીક રસ્તો ઓળંગતી વખતે દીપડી વાહનની હડફેટે આવતા તેનુ મોત નિપજ્યુ હતુ. જાફરાબાદના બાલાની વાવ ખાતે સોમવારના વહેલી સવારના રોજ દીપડી રસ્તો ઓળંગતી હતી ત્યારે એક પૂરઝડપે આવતા વાહને દીપડીને હડફેટે લેતા દીપડીનુ ઘટનાસ્થળે જ મોત નિપજ્યુ હતુ. આ ઘટનાની જાણ થતા વનવિભાગનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અત્રે નોંધનીય છે કે આ વિસ્તારમાં વન્યપ્રાણીઓની અવરજવર મોટી સંખ્યામાં હોવાથી ઘણીવાર વન્યપ્રાણીઓના વાહન અડફેટે મોત નિપજે છે. જેમાં દીપડીનુ મોત થતા વનવિભાગે અજાણ્યા વાહનચાલકની શોધખોળ શરૂ કરી છે.

# અમરેલીમાં એક સામાજિક આગેવાન અને રાજકીય આગેવાન વચ્ચે તૂ-તૂ મે-મે

**એવી તે કઈ બાબત છે કે આવી ઘટના બની? લોકોમાં ચર્ચાતો સવાલ**

અમરેલી,તા.૨૭

અમરેલીમાં એક રાજકીય આગેવાન અને સામાજિક આગેવાન વચ્ચે હુતુતુતું થતા દિવસ ભર ચર્ચાએ જોર પકડ્યું હતું. મળતી માહિતી મુજબ અમરેલીના એક સામાજિક આગેવાન અને રાજકીય આગેવાન વચ્ચે કોઈ કારણોસર ફોનમાં બોલાચાલી થઈ હતી, ત્યારબાદ વાતચીત ઉગ્ર બનતા સામાજિક આગેવાન દ્વારા અપશબ્દો પણ બોલાયા હતા. જ્યારે આ બાબતે રાજકીય આગેવાને સોશિયલ મીડિયાના મારફતથી પોસ્ટ મૂકવાની વાત કરતા સામાજિક આગેવાને સમાધાન માટે દોડધામ કરી મૂકી હતી.ત્યારબાદ આ રાજકીય આગેવાનને સમજાવવા માટે ધમ પછાડા કર્યા હતા અને આખરે મહા મુસીબતે પહેલા આગેવાન સોશિયલ મીડિયામાં પોસ્ટ ન મુકવા માટે સંમત થયા હતા. હવે જોવાનું એ રહ્યું છે કે આ સામાજિક આગેવાને એવા તે ક્યા કામો કર્યા છે કે એને કોઈની ધમકીથી ડરી જવું પડ્યું અને દોડાદોડી કરવી પડી. આ ઘટનાની જાણ લોકોને થતા દિવસભર શહેરમાં આ વિષય ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો અને એવી તે કઈ પોસ્ટ છે અથવા તો એવી શું ઘટના બની છે તે જાણવા લોકોએ એકબીજાને ફોન પણ કર્યા હતા.

# બાબરાના પીઢ પત્રકાર અને સ્વાતંત્ર્ય સેનાની ઉમંગરાય છાટબારનું ૯૦ વર્ષની વયે નિધન

બાબરા, તા.૨૭



બાબરા પંથકની જૂની પેઢીના જાણીતા પત્રકાર અને રાષ્ટ્રપ્રેમી વ્યક્તિત્વ ધરાવતા ઉમગરાય હરિદાસ છાટબાર (ઉં.વ. ૯૦)નું અવસાન થયેલ છે. તેઓ દિવ, દમણ અને ગોવા મુક્તિ આંદોલનના સક્રિય લડવૈયા અને સ્વાતંત્ર્ય સેનાની હતા. તેઓ પત્રકાર ચિતરંજનભાઈ છાટબાર તેમજ મહેશભાઈ છાટબાર અને સ્વ. રાજેન્દ્રભાઈના પિતા થાય છે. બાબરા પંથકમાં તેઓ એક પીઢ અને નિષ્ઠાવાન પત્રકાર તરીકે વર્ષો સુધી કાર્યરત રહ્યા હતા. તેમની સ્મશાન યાત્રા તા.૨૮/૦૧/૨૦૨૬, બુધવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે તેમના નિવાસસ્થાન, 'સિદ્ધિવિનાયક સોસાયટી', બાબરા ખાતેથી નીકળશે.

# જાફરાબાદના વેપારી સાથે ઓનલાઈન છેતરપિંડી: મોબાઈલમાં એપ નાંખતા જ ક્રેડિટ કાર્ડમાંથી રૂ.૧.૬૬ લાખ ઉપડી ગયા

જાફરાબાદ, તા. ૨૭

આજકાલ સાયબર ઠગ ટોળકીઓ નવા-નવા પેંતરા અજમાવી લોકોના ખિસ્સા ખાલી કરી રહી છે. જાફરાબાદમાં એક વેપારીના વોટ્સએપ પર આવેલી શંકાસ્પદ લિંક દ્વારા મોબાઈલ હેક કરી, તેના ક્રેડિટ કાર્ડમાંથી રૂ.૧,૬૬,૬૬૦ - ઉપાડી લઈને બે મોંઘા આઈફોન મંગાવી લેવાનું મોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. જાફરાબાદમાં રહેતા વેપારી ચેતનભાઈ જીવનભાઈ બાંભણીયા (ઉ.વ.૩૬) એ જાહેર કર્યા મુજબ, ૬ જાન્યુઆરીના રોજ ફરિયાદીના વોટ્સએપ નંબર પર એક અજાણ્યા નંબર પરથી 'Parivahan sewas.apk' નામની એક એપ્લીકેશન મોકલવામાં આવી હતી. આ મેસેજમાં ફરિયાદીના ટ્રેક્ટરનો નંબર લખેલો હોવાથી તેને વિશ્વાસ બેઠો હતો અને તેણે ચાર-પાંચ દિવસ બાદ આ એપ્લીકેશન ઈન્સ્ટોલ કરી હતી.તા. ૧૪ જાન્યુઆરીના રોજ ફરિયાદીના મોબાઈલ પર અચાનક ટેક્સ્ટ મેસેજ આવ્યો કે તેના ICICI બેંકના ક્રેડિટ કાર્ડમાંથી રૂ.૧,૬૬,૬૬૦ કપાઈ ગયા છે. જ્યારે વેપારીએ તપાસ કરી તો જાણવા મળ્યું કે તેના ફ્લિપકાર્ટ એકાઉન્ટનો ઉપયોગ કરીને Apple iPhone ૧૭ (૨૫૬ GB) ના બે મોંઘા ફોન ઓર્ડર કરવામાં આવ્યા હતા.ફરિયાદીએ ફ્લિપકાર્ટમાં ઓર્ડર આઈડી ચેક કરતા માલૂમ પડ્યું કે આ બંને આઈફોન જયપુર (રાજસ્થાન)ના એક સરનામે ડિલીવર પણ થઈ ચૂક્યા છે. તપાસ કરતા જાણવા મળ્યું કે જે 'M Parivahan' નામની એપ નાંખી હતી, તેણે ફોનનો તમામ ડેટા અને કંટ્રોલ હેકર્સને આપી દીધો હતો. જાફરાબાદ પોલીસે આ મામલે આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# બાબરાના ઉટવડ પ્રાથમિક શાળામાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી

બાબરા,તા.૨૭



બાબરા તાલુકાના ઉટવડ સ્થિત ઉટવડ પ્રાથમિક શાળામાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની વિશેષતા એ રહી હતી કે, શાળાની દિવ્યાંગ વિદ્યાર્થીની જાનવી દાફડાના હસ્તે ધ્વજ ફરકાવવાની વિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રસંગે બાબરા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ ભરતભાઈ બુટાણી કાર્યક્રમના અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા. ધ્વજવંદન બાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતો, નાટક, અભિનય જેવી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

# બગસરાના બે હોમગાર્ડ જવાની મુખ્યમંત્રી ચંદ્રક માટે પસંદગી થતા સન્માન

**શિવાગૃપના પ્રમુખ નિતેશ ડોડીઆ, પીઆઈ ગીડા સહિતનાઓ હાજર રહ્યાં**

બગસરા,તા.૨૭



તસવીર : મયુર પંડયા

બગસરામાં દેશના ૭૭મા પ્રજાસત્તાક પર્વની દેશભરમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે અમરેલી જિલ્લાના બગસરા યુનિટના બે હોમગાર્ડ જવાનો, જીતેન્દ્રભાઈ બોરીચા અને ભીખુભાઈ છભાડની વિશિષ્ટ સેવા બદલ 'મુખ્યમંત્રી ચંદ્રક' માટે પસંદગી કરવામાં આવી છે. આ ગૌરવશાળી સિદ્ધિ બદલ શિવા ગ્રુપ-બગસરા દ્વારા એક વિશેષ કાર્યક્રમ યોજી બંને જવાનોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં બગસરા પી.આઈ. ગીડા, પી.એસ.આઈ. ગઢવી, શિવા ગ્રુપના પ્રમુખ નિતેશ ડોડીઆ, હરેશભાઈ રાઠોડ અને નિલેશભાઈ સરવૈયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે જવાનોને મોમેન્ટો આપી તેમની નિષ્ઠા અને રાષ્ટ્રસેવાને બિરદાવવામાં આવી હતી. આ સન્માનથી બગસરા હોમગાર્ડ દળ અને પંથકમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

**અમરેલીના ચક્કરગઢ ગામેથી જાન આવી હતી**

# ધારીના ખીસરી ગામે લગ્નપ્રસંગમાં રોટલી પીરસવા બાબતે બબાલ

ધારી, તા.૨૭

ધારીના ખીસરી ગામે જાનૈયા અને માંડવીયા વચ્ચે ધીંગાણું ખેલાયું હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે. જેમાં અમરેલીના ચક્કરગઢ ગામેથી આવેલી જાન બાદ કોઈ કારણોસર બંને પક્ષે ઉગ્ર બોલાચાલી બાદ મામલો બીચક્યો હતો. જેમાં જાનૈયા અને માંડવીયા બંને પક્ષે લાકડી અને પાઈપ વડે એકબીજા પર હુમલો કર્યો હતો. ઉગ્ર બનેલા ટોળાએ આખું ગામ જાણે માથે લીધું હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.હુમલાની ઘટનાને પગલે ધારી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને મારી નાખવાના ઈરાદે પોતાના હવાલાવાળી ફોરવ્હીલ બોલેરો ગાડી ચાલુ કરી ફુલ સ્પીડમાં ફાસ ચલાવી સાહેદ પ્રકાશભાઈની માથે ચડાવી દીધી હતી. તેને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જે બાદ દેવળીયા ગામના વિનુભાઈ ભગવાનભાઈ વાઘેલા (ઉ.વ.૬૦) એ વિપુલભાઈ દામાભાઈ ચારોલીયા, હસમુખભાઈ દામાભાઈ ચારોલીયા, બાબુભાઈ દામાભાઈ ચારોલીયા, ભાવેશભાઈ જેહાભાઈ ચારોલીયા તથા જેહાભાઈ વાલાભાઈ ચારોલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. તેના ભાઈના દીકરાના દીકરા મંગળુભાઈ મનીષભાઈ વાઘેલાની જાન ખીસરી ગામે આવી હતી. જમણવાર ચાલુ હતો ત્યારે તેઓ અને તેમનો પુત્ર દિનેશ (ઉર્ફે અંકિત) જમવામાં વધુ રોટલી લેવા માટે ગયા હતા. આ સમયે આરોપીએ રોટલી આપવાની ના પાડી ગાળાગાળી શરૂ કરી હતી. મામલો બિચકતા આરોપીએ દિનેશભાઈને ઢીકાપાટુનો માર માર્યો હતો, જેમાં ફરિયાદીએ વચ્ચે પડીને બચાવ કર્યો હતો. પ્રાથમિક ઝઘડા બાદ જ્યારે ફરિયાદી અને સાહેદો ગામના પુલ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે પાંચેય આરોપીઓએ એકસંપ થઈ લાકડીઓ અને ધોકા સાથે ત્યાં ધસી આવ્યા હતા અને હુમલો કર્યો હતો. આ દરમિયાન વચ્ચે બચાવવા પડેલા દિનેશભાઈ અને ભરતભાઈને પણ મૂઢ માર વાગ્યો હતો. આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે.

**યુવકને માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચતા ઘટના સ્થળે જ મોત નીપજ્યું**

# કડિયાળી ગામના પાટીયા પાસે અજાણ્યા વાહનની ટક્કરથી બાઈક ચાલકનું મોત

**મરીન પીપાવાવ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી**

રાજુલા, તા.૨૭

ભાવનગર નેશનલ હાઈવે પર અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો હતો. ગત ૨૫ જાન્યુઆરીના રોજ કડિયાળી ગામના પાટિયા પાસે એક અજાણ્યા વાહન ચાલકે મોટર સાયકલ સવાર યુવકને જોરદાર ટક્કર મારતા યુવકનું ઘટનાસ્થળે જ ગંભીર ઈજા થવાથી મોત નીપજ્યું હતું. આ અંગે હિંડોરણા ગામે રહેતા ધીરૂભાઈ ભોળાભાઈ મકવાણા (ઉ.વ.૩૩) એ અજાણ્યા વાહન ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.પ્રાપ્ત માહિતી અનુસાર, ફરિયાદીનો ભાઈ પોતાનું સ્પલેન્ડર પ્લસ મોટર સાયકલ (નંબર: જી.જે.૧૪ બી.ઈ ૩૮૨૨) લઈને ઘરેથી મહુવા તરફ જઈ રહ્યો હતો. આ દરમિયાન ભાવનગર નેશનલ હાઈવે પર કડિયાળી ગામના પાટિયા પાસે પહોંચતા માર્ગ પર પૂરપાટ ઝડપે આવી રહેલા એક અજાણ્યા વાહન ચાલકે બાઈકને અડફેટે લીધું હતું.અકસ્માત એટલો ભયાનક હતો કે યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ માનવતા નેવે મૂકી અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ બેફિકરાઈથી વાહન ચલાવી મોત નીપજાવવા બદલ ગુનો નોંધી, સીસીટીવી ફૂટેજના આધારે ફરાર ચાલકની શોધખોળ હાથ ધરી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પી એસ આઈ વી વી ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

# પ્રતાપપરા ખાતે યોજાયેલા લગ્નમાં હાજરી આપતા જયસુખભાઈ કસવાળા

અમરેલી,તા.૨૭



અમરેલી તાલુકાના પ્રતાપપરા ગામના રહેવાસી હસમુખભાઈ છગનભાઈ કાથરોટીયાના સુપુત્ર ચિ. વિશાલ અને વીરપુર ગઢિયાના વતની રમેશભાઈ કોઠીયાની સુપુત્રી ચિ. પાયલના લગ્ન ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ વીરપુર ગામે અત્યંત ધામધૂમથી સંપન્ન થયા હતા. આ ભવ્ય લગ્ન પ્રસંગમાં અનેક સામાજિક અગ્રણીઓએ હાજરી આપી નવદંપતીને શુભાશિષ પાઠવ્યા હતા. મહેમાનોમાં ખાસ કરીને મોટા ભંડારીયાના ખેડૂત અગ્રણી અને ઉપસરપંચ જયસુખભાઈ કસવાલા તેમજ સુરતથી પધારેલા રામેશ્વર સી.એન.સી. કટીંગ પ્રા.લિ.ના માલિક પિયુષભાઈ કાથરોટીયાએ ઉપસ્થિત રહ્યાં હતા.

# તોરી આઝાદ યુવક મંડળ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ કિટનું વિતરણ

તોરી,તા.૨૭



તસવીર : વિનુભાઈ કોટડીયા

વડિયા-મોટી કુકાવાવ તાલુકાના તોરી ગામના આઝાદ યુવક મંડળ દ્વારા તોરી શાળામાં, ખાન ખીજડીયા પ્રાથમિક શાળામાં, રામપુર પ્રાથમિક શાળા, મેઘાણી હાઈસ્કૂલ નાજાપુરના કુલ ૧૬૫ વિદ્યાર્થીઓને અભ્યાસ કિટનું વિતરણ કરવામાં આવેલ હતું. આ તકે નાજાપુરના માજી સરપંચ અને માજી જિલ્લા પંચાયતના સભ્ય રવજીભાઈ પાનસુરિયાનું સન્માન યુવક મંડળના પ્રમુખ વિનુભાઈ કોટડિયાએ કર્યું હતું. આ પ્રસંગે રામપુર ગામે સેવાકીય કામગીરી કરનારા અને રામ-રોટી આશ્રમના સંચાલક ચતુરભાઈ બોરડનું પણ વિવિધ રીતે સન્માન કરવામા આવ્યું હતું. શાળાના આચાર્ય હસુભાઈ ઠુમ્મરે શાળાકીય વિવિધ પ્રવૃત્તિની માહિતી આપી હતી તેમ વિનુભાઈ કોટડીયાની યાદીમાં જણાવ્યુ છે.




Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

## રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાની હાજરી તેમજ અધિકારીઓ,પદાધિકારીઓની ઉપસ્થિતિમાં

# ખાંભા ખાતે જિલ્લા કક્ષાના ૭૭મા ગણતંત્રદિનની ઉજવણી

અમરેલી,તા.૨૭

ખાંભા રોડ પર જીઓ પેટ્રોલ પંપની સામે આવેલા મેદાનમાં અમરેલી જિલ્લાકક્ષાના ૭૭મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. રાજ્યમંત્રીએ ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. આ પ્રસંગે પોલીસ પરેડ અને માર્ચ પાસ્ટ યોજાઈ, જેમાં રાજ્યમંત્રીએ પરેડનું નિરીક્ષણ કર્યું હતું. પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ ખાંભાની ખમીરવંતી ધરાના ઐતિહાસિક ગૌરવને યાદ કરતાં જણાવ્યું હતું કે, સક્ષમ નેતૃત્વના કારણે સંવેદનશીલતા, પારદર્શકતા, પ્રગતિશીલતા અને નિર્ણાયકતાના આધાર પર ગુજરાતે સર્વસમાવેશક વિકાસ સાધ્યો છે. આ વિકાસયાત્રામાં અમરેલી જિલ્લો પણ સતત આગળ વધી રહ્યો છે. જિલ્લાની વિકાસયાત્રા પર પ્રકાશ પાડતાં તેમણે જણાવ્યું કે, ડિજિટલ શિક્ષણને વેગ આપવા માટે જિલ્લામાં ૭૪૨ શાળાના ૨,૮૫૪ વર્ગખંડોમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અમલમાં છે. જિલ્લામાં ૧૦ નવી સરકારી માધ્યમિક શાળાઓ મંજૂર



કરવામાં આવી છે તથા ''નમો લક્ષ્મી સ્કોલરશિપ'' યોજના હેઠળ ૧૫,૯૨૧ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. જાફરાબાદ દરિયાકિનારા વિસ્તારમાં મત્સ્ય ઉદ્યોગ વિકાસની વિશાળ સંભાવનાઓ છે અને વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન માછીમારોને રૂ. ૮.૮૪ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. જિલ્લાના ૬૧૨ ગામો અને ૯ શહેરી વિસ્તારોમાં પાઈપલાઈન દ્વારા શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. ''પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના'' હેઠળ ૫૩ હજારથી વધુ આયુષ્યમાન કાર્ડનું વિતરણ થયું છે. સૂર્ય ઊર્જાના ક્ષેત્રે પણ જિલ્લો આગળ વધી રહ્યો છે, જ્યાં ''પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજના'' અંતર્ગત ૧૮ હજારથી વધુ સોલાર રૂફટોપ જોડાણ સ્થાપિત થયા છે.કાર્યક્રમમાં વિવિધ વિભાગોના ૧૧ ટેબ્લોની ઝાંખી, સાંસ્કૃતિક કૃતિઓ, યોગાસન, નૃત્યો તેમજ રોડ સેફ્ટી અને ૧૦૮ સેવાની મોકડ્રીલ યોજાઈ. અંતે શ્રેષ્ઠ પરેડ, ટેબ્લો અને સાંસ્કૃતિક કાર્યક્રમ માટે પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. રાજ્યમંત્રીએ ખાંભા તાલુકાના વિકાસ માટે રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ કરી પ્રજાસત્તાક પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. આ તકે, કલેકટર, જિલ્લા પોલીસ વડા, અધિકારીઓ અને પદાધિકારીઓ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા.

## બાબરાના વલારડી ગામે લગ્ન પ્રસંગમાં તસ્કરોનો હાથફેરો: કબાટમાંથી રુ.૯.૩૦ લાખના દાગીનાની ચોરી

બાબરા, તા. ૨૭

લગ્નની મોસમ વચ્ચે ચોર ટોળકીઓ સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. બાબરા તાલુકાના વલારડી ગામે એક ઘરના આંગણે લગ્નનો મંગળ અવસર હતો, ત્યારે જ તકોનો લાભ ઉઠાવી તસ્કરે ઘરના કબાટમાંથી લાખોની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરી હતી. આ અંગે મેહુલકુમાર વિનુભાઈ કાવઠીયા (ઉ.વ.૩૦) એ સુરતમાં રહેતા નિશાબેન નિતિનભાઈ નવાપરીયા સામે ફરિયાદ નોંધાવી હતી.પ્રાપ્ત વિગત મુજબ, વલારડી ગામે રહેતા ફરિયાદીના ભાઈના લગ્ન હોવાથી પરિવાર પ્રસંગના કામમાં વ્યસ્ત હતો. તા. ૨૨/૦૧/૨૬ ના બપોરથી તા. ૨૩/૦૧/૨૬ ના રાત્રિના ૧૧ વાગ્યાના સમયગાળા દરમિયાન, જ્યારે પરિવારના સભ્યો લગ્ન વિધિમાં રોકાયેલા હતા, ત્યારે મહિલાએ ઘરમાં પ્રવેશ કર્યો હતો. તેણે ચાલાકીપૂર્વક કબાટનું તાળું ખોલી તેમાં રાખેલા કિંમતી દાગીના પર હાથ સાફ કર્યો હતો. મહિલા ચોરે સોનાનો ૭ તોલાનો હાર, સોનાના ૪ તોલા વજનના ૨ પોચા મળી કુલ અંદાજે રુ.૯,૨૯,૯૪૮ની ચોરી કરી હતી. લગ્ન પૂરા થયા બાદ જ્યારે કબાટ તપાસવામાં આવ્યું ત્યારે ચોરી થઈ હોવાનું માલૂમ પડ્યું હતું. બાબરા પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એસ.ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

## સાવરકુંડલાના ઓળીયા-ચરખડીયા વચ્ચે કાર ચાલકે બાઈકને અડફેટે લીધું

સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલામાં રહેતા આપાભાઈ ગોલણભાઈ ધાખડા (ઉ.વ.૪૩) એ અમરેલીમાં રહેતા ઈરફાનભાઈ મહમંદભાઈ ખિમાણી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, ગત તારીખ ૧૩/૦૧/૨૦૨૬ના રોજ ફરિયાદી પોતાનું હીરો કંપનીનું સ્પ્લેન્ડર મોટરસાયકલ (નંબર: GJ-૧૪-BB-૯૮૧૪) લઈને ઓળીયા ગામથી સાવરકુંડલા પોતાના ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન ચરખડીયા ગામ પહેલા આવેલા ચેકડેમ પાસે સામેથી આવતી એક સફેદ કલરની આઈ-૧૦ કાર (નંબર: GJ-૧૫-AD-૦૧૩૯) ના ચાલકે અચાનક રોંગ સાઈડમાં એન્ટ્રી કરી હતી. આરોપી કાર ચાલકે પોતાની ગાડી બેદરકારીપૂર્વક અને અન્ય લોકોની જિંદગી જોખમાય તે રીતે ચલાવીને મોટરસાયકલ સાથે ભટકાવી હતી. આ જોરદાર અકસ્માતમાં બાઈક સવારને જમણા પગે ગંભીર ફ્રેક્ચર થયું હતું. આ મામલે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

## લીલીયામાં પ્રેમસંબંધમાં પતિએ પત્નીને ઠપકો આપતા ગળાફાંસો ખાધો

લીલીયા, તા.૨૭

લીલીયામાં એક યુવતીએ ગળાફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લેતા અરેરાટી વ્યાપી ગઈ હતી. અન્ય યુવક સાથેના સંબંધ બાબતે પરિવારે સમજાવટ સાથે ઠપકો આપતા યુવતીએ આ અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. મૂળ ગારિયાધારના નવાગામના અને હાલ લીલીયામાં રહેતા ભીખાભાઈ તેજાભાઈ પરમાર (માથાસુળીયા) ઉ.વ.૩૫ એ જાહેર કર્યા મુજબ, તેમની પત્ની જયાબેન ભીખાભાઈ પરમાર (માથાસુળીયા) ઉ.વ.૩૦ ને ગારિયાધારના મુકેશભાઈ પોપટભાઈ ધોળકિયા નામના યુવક સાથે પ્રેમ સંબંધ હતો. આ બાબતની જાણ પરિવારને થતા, પરિવારજનો તેને ઘરે પરત લઈ આવ્યા હતા. ઘરે લાવ્યા બાદ પરિવારના સભ્યોએ તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો અને ઘરમેળે 'મીઠો ઠપકો' આપ્યો હતો. પરિવાર દ્વારા આપવામાં આવેલી શિખામણ અને ઠપકો પરિણીતાને મનમાં લાગી આવ્યો હતો. આવેગમાં આવી જઈને તેણે પોતાના ઘરે હુક સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. આ ઘટનાની જાણ થતા જ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## સાવરકુંડલા શહેરમાંથી બિનઅધિકૃત ઘઉં, ચોખાનું અનાજ કોભાંડ ઝડપાયું

અમરેલી,તા. ૨૭

સાવરકુંડલા શહેરના કેવડાપરા વિસ્તારમાં ગાયત્રી મંદિર પાછળ આવેલા એક રહેણાંક મકાનમાં પુરવઠા વિભાગે દરોડા પાડી રેશનિંગના અનાજનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. નાયબ મામલતદાર પાઠક અને તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી આ



આકસ્મિક રેડમાં અંદાજે રૂ.૧.૧૯ લાખની કિંમતના ઘઉં અને ચોખાનો અનઅધિકૃત જથ્થો મળી આવ્યો છે. પ્રાથમિક તપાસ મુજબ, આ જથ્થો સાવરકુંડલા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના રેશનકાર્ડ ધારકો પાસેથી ઉઘરાવીને અહીં એકઠો કરવામાં આવ્યો હોવાનું મનાઈ રહ્યુ છે. સરકારી અનાજની આ કાળાબજારીની આશંકાને પગલે સમગ્ર પંથકમાં ભારે હડકંપ મચી ગયો છે. હાલ પુરવઠા વિભાગ દ્વારા અનાજ સીલ કરી આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

## બાબરાના નાની કુંડળના યુવાને ૧૧ મહિનાની મિલેટરી ટ્રેનિંગ પૂર્ણ કરી વતન પરત ફરતા ભવ્ય સન્માન

બાબરા,તા.૨૭

બાબરા તાલુકાના નાની કુંડળ ગામના વતની પુનિતભાઈ બાબુભાઈ રાઠોડ મિલેટરીની ૧૧ મહિનાની કઠોર ટ્રેનિંગ સફળતાપૂર્વક પૂર્ણ કરી પોતાના વતન પરત ફરતા ગામમાં આનંદ અને ગૌરવનો માહોલ સર્જાયો હતો. પુનિતભાઈએ આ સિદ્ધિ થકી માત્ર પોતાના પરિવારનું જ નહીં પરંતુ સમગ્ર



નાની કુંડળ ગામ તથા બાબરા પંથકના કોળી સમાજનું નામ રોશન કર્યું છે.આ પ્રસંગે તેમના નિવાસસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં પુનિતભાઈને સાલ ઓઢાડી અને ફૂલહાર પહેરાવી તેમનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

દેશની સરહદ પર જઈ રાષ્ટ્રરક્ષાની જવાબદારી સંભાળવા બદલ આગેવાનોએ તેમને અભિનંદન પાઠવી ભવિષ્યમાં વધુ ઊંચી સિદ્ધિઓ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ આપી હતી.

## રાજુલા તાલુકાની શાળાઓમાં ગણતંત્ર દિનની ઉજવણી

અમરેલી,તા.૨૭

૨૬ જાન્યુઆરીના પવિત્ર અવસરે નવા આગરિયા, ધુડીયા આગરિયા, મોટા આગરિયા અને વાવડી પ્રાથમિક શાળામાં ધ્વજવંદન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે સામાજિક કાર્યકર દ્વારા ૭૫૦થી વધુ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

સંકુલ પેરેન્ટ્સને વિનંતી
હોસ્ટેલની સલામતી વ્યવસ્થા - દિકરીને જાતે પૂછવા વિનંતી
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ અમરેલી -Ad180

BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■મનિષ વાકોતર ■વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ: અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ ક્વોલિટી | વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

### મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૦૩/૨૦૨૬

શ્રી સંજય જસમતભાઈ બોઘાણી,
રહે.છોડવડી, તા.ભેંસાણ, જિ.જુનાગઢ
........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - છોડવડી
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી સંજય જસમતભાઈ બોઘાણી દ્વારા તેઓના દાદાશ્રી ગોવિંદભાઈ માધાભાઈ બોઘાણીનું અવસાન તા.૦૫/૧૧/૨૦૧૨ના રોજ ગામ મોજે. છોડવડી, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી છોડવડી, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહરે નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધારા પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ:- ૧૩ મી માહે:જાન્યુઆરી સને:૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

### -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૧૮/૨૦૨૫ તા.૦૩/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. ચતુરભાઈ ઠાકરશીભાઈ વિરાણી
રહે. બાઢડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી બાઢડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી ચતુરભાઈ ઠાકરશીભાઈ વિરાણીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૫ ના રોજ મુ.બાઢડા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

### -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૧૯/૨૦૨૫ તા.૦૩/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. બાબુભાઈ શામજીભાઈ વાડદોરિયા
રહે. સાકરપરા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી સાકરપરા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર અશ્વિનભાઈ બાબુભાઈ વાડદોરિયાનો જન્મ તા.૧૫/૦૧/૧૯૮૦ ના રોજ મુ.સાકરપરા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

### -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૭૧/૨૦૨૫ તા.૦૩/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. લાભુભાઈ બચુભાઈ કોલડીયા
રહે.દાધીયા,તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી દાધીયા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી લાભુભાઈ બચુભાઈ કોલડીયાનો જન્મ તા.૦૭/૦૫/૧૯૫૯ ના રોજ મુ.દાધીયા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

**તંત્રી લેખ**

# રાષ્ટ્રના વિકાસનો મૂળ મંત્ર છે સર્વોત્તમ

કોઈપણ બાબત હોય મોટાભાગના માણસો એક શબ્દ વાપરે છે અને તે શબ્દ છે ''ચાલશે''. જે લોકો વિકાસના માર્ગે આગળ વધવા માંગે છે તેને માટે આ શબ્દ સૌથી વધુ નુકસાન કર્તા અને ઘાતક છે. વ્યક્તિથી માંડીને રાષ્ટ્રના વિકાસ સુધીમાં આ શબ્દ સૌથી વધુ નુકસાનકારક સાબિત થયો છે.રવિવારે પ્રસારિત થયેલી 'મન કી બાત' માત્ર એક રેડિયો કાર્યક્રમ નથી; તે દેશના વર્તમાન અને ભવિષ્યને દિશા આપતું વિચારમંચ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'ચાલે છે'ની માનસિકતાને સ્પષ્ટ શબ્દોમાં નકારી કાઢીને ક્વૉલિટી એટલે કે ગુણવત્તાને રાષ્ટ્રીય મંત્ર તરીકે સ્વીકારવાની અપીલ કરી છે. આ વિચાર માત્ર ઉદ્યોગ કે સ્ટાર્ટઅપ સુધી સીમિત નથી; આ એક સામાજિક અને માનસિક પરિવર્તનની માંગ છે.વર્ષો સુધી ભારતીય સમાજમાં ''ચાલી જશે'', ''એવું જ હોય.'' જેવી વિચારસરણીએ જબરજસ્ત પકડ જમાવી છે. સરકારી કામથી માંડી ખાનગી સેવાઓ સુધી, ગુણવત્તા કરતા સહનશીલતા વધુ મહત્ત્વની બની ગઈ હતી. વડાપ્રધાનનું કહેવું છે કે આવી માનસિકતા સાથે વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થઈ શકતું નથી. આ વાતમાં ઊંડુ સત્ય છુપાયેલ છે. વૈશ્વિક સ્પર્ધાના યુગમાં માત્ર ઉત્પાદન કરવું પૂરતું નથી; શ્રેષ્ઠ ઉત્પાદન કરવું એ સમયની માંગ છે.ભારતની અર્થવ્યવસ્થા ઝડપી ગતિએ આગળ વધી રહી છે, એમાં શંકા નથી. પરંતુ આ વૃદ્ધિ ટકાઉ બનશે ત્યારે જ, જ્યારે ભારતના દરેક ઉત્પાદનમાં વિશ્વસ્તરીય ગુણવત્તા ઝળહળશે. ટેક્સટાઈલ હોય કે ટેક્નોલોજી, ઈલેક્ટ્રોનિક્સ હોય કે પેકેજિંગ – ''મેડ ઈન ઈન્ડિયા'' માત્ર ઓળખ નહીં, પરંતુ વિશ્વાસનું પ્રતીક બનવું જોઈએ. તંત્રી તરીકે અમારું માનવું છે કે ક્વૉલિટી હવે વૈકલ્પિક વિકલ્પ નથી; તે રાષ્ટ્રીય ફરજ છે.મન કી બાતના આ એપિસોડમાં સ્ટાર્ટઅપ ઈન્ડિયાના દસ વર્ષ પૂર્ણ થવાનો ઉલ્લેખ પણ નોંધપાત્ર છે. ૨૦૧૬માં જ્યારે આ પહેલ શરૂ થઈ ત્યારે ઘણા લોકો તેને સંશયની નજરે જોતા હતા. પરંતુ દેશના યુવાનોએ જોખમ લેવાનું પસંદ કર્યું, નવીનતા પર વિશ્વાસ મૂક્યો અને સ્ટાર્ટઅપને જનઆંદોલન બનાવી દીધું. આજે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ છે અને બે લાખથી વધુ માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સ દેશની નવી ઊર્જાનું પ્રતિબિંબ છે. આ સફળતા પાછળ યુવાનોની હિંમત, સરકારની સહાય અને બદલાતી માનસિકતા છે.સ્ટાર્ટઅપ્સ આજે એઆઈ, અવકાશ, સેમિકન્ડક્ટર, ગ્રીન હાઈડ્રોજન અને બાયોટેક્નોલોજી જેવા અદ્યતન ક્ષેત્રોમાં કામ કરી રહ્યા છે. પરંતુ અહીં પણ ક્વૉલિટીનું મહત્વ સર્વોપરી છે. માત્ર વિચાર નવીન હોય એ પૂરતું નથી; તેનું અમલીકરણ વિશ્વમાનકનું હોવું જરૂરી છે. 'ઝીરો ડિફેક્ટ, ઝીરો ઈફેક્ટ'નો સંદેશ આ સંદર્ભમાં અત્યંત પ્રાસંગિક છે. ઉત્પાદન એવું હોવું જોઈએ કે તેમાં ખામી ન હોય અને પર્યાવરણ પર નકારાત્મક અસર ન કરે. વિકસિત ભારતનું સ્વપ્ન ટકાઉ વિકાસ વિના અધૂરું છે.વડાપ્રધાન દ્વારા યુએઈની ''યર ઓફ ધ ફેમિલી'' પહેલની સરાહના અને તેને ભારતીય પરંપરાથી જોડવાનો પ્રયાસ પણ વિચારપ્રેરક છે. વિકાસ માત્ર આંકડાઓમાં માપી શકાય એવો વિષય નથી; સમાજની આંતરિક મજબૂતાઈ પણ એટલી જ જરૂરી છે. ગુજરાતના ચંદનકી ગામના સામૂહિક રસોઈ મોડલનો ઉલ્લેખ એ વાતનું જીવંત ઉદાહરણ છે કે પરિવાર અને સમુદાય કેવી રીતે સામાજિક એકતા અને સહકારનું મજબૂત પાયો બની શકે.ગુણવત્તા અને સામૂહિકતા – આ બે સ્તંભો પર જ ભારતના ભવિષ્યનુ મકાન ઊભુ રહી શકે. ક્વૉલિટીનો અર્થ માત્ર ઉત્પાદનની ઉત્તમતા નથી; તેમાં કાર્યશૈલી, વિચારશુદ્ધિ અને જવાબદારીનો સમાવેશ થાય છે. જ્યારે સમુદાય સાથે મળીને કામ કરે છે, ત્યારે શ્રેષ્ઠ પરિણામો સ્વયંભૂ જન્મે છે.આજે જરૂર છે કે 'ચાલે છે'ની માનસિકતાને સંપૂર્ણ રીતે વિદાય આપીએ. વ્યક્તિગત જીવનથી લઈને રાષ્ટ્રીય નીતિ સુધી, દરેક જગ્યાએ શ્રેષ્ઠતા માટેનો આગ્રહ વિકસાવીએ. વડાપ્રધાનના આ વિચારો આશાવાદી છે અને પ્રેરણાદાયી પણ. જો દેશનો નાગરિક, ઉદ્યોગ અને સરકાર – ત્રણેય મળીને ક્વૉલિટીનો સંકલ્પ લઈ લે, તો ભારત માત્ર વિકસિત નહીં, પરંતુ વિશ્વ માટે માર્ગદર્શક રાષ્ટ્ર બની શકે.

# માલવિયા પીપરીયા ગામે ગેલ માતાજીના મંદિરમાં ત્રાટક્યા તસ્કરો

લાઠી, તા.૨૭

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના માલવિયા પીપરીયા ગામે આવેલ સુપ્રસિદ્ધ ગેલ માતાજીના મંદિરમાં ગત મોડી રાત્રે તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. પાંચ જેટલા અજાણ્યા ચોર ઈસમોએ ગર્ભગૃહના તાળા તોડી માતાજીના સોના-ચાંદીના છત્તર અને દાગીના મળી કુલ રૂ.૧૩,૮૬,૦૦૦ની મતાની ચોરી કરી ફરાર થઈ જતાં ચકચાર મચી ગઈ હતી. આ અંગે માલવિયા પીપરીયા ગામે રહેતા હિંમતભાઈ બાબુભાઈ માલવિયા (ઉ.વ.૫૧) અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી.પ્રાપ્ત વિગત મુજબ, આ ચોરીની ઘટના તા. ૨૬/૦૧/૨૦૨૬ ના રોજ વહેલી સવારે ૦૧:૧૩ થી ૦૧:૩૦ વાગ્યાના ટૂંકા ગાળામાં બની હતી. સીસીટીવી ફૂટેજ અને પ્રાથમિક તપાસમાં



પાંચ અજાણ્યા શખ્સો મંદિરમાં પ્રવેશતા હોવાનું જોવા મળ્યું હતું. તસ્કરોએ ગર્ભગૃહના મુખ્ય દરવાજાનો અંદરનો લોક તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરો માતાજીની મૂર્તિ પર શણગારેલા ચાંદીના છત્તર - ૮ કિલોગ્રામનું એક મોટું છત્તર (કિ.રૂ. ૧૦.૪૦ લાખ) અને ૧.૫ કિલોગ્રામના અન્ય ત્રણ નાના છત્તર (કિ.રૂ. ૧.૮૦ લાખ), સોનાનો ચેન - દોઢ તોલા વજનનો સોનાનો ચેન (કિ.રૂ. ૧.૪૦ લાખ), અન્ય વસ્તુઓ ૧૦૦ ગ્રામના ચાંદીના ઝાંઝર અને પૂજામાં વપરાતા ચાંદીના બે ગ્લાસની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. મંદિરમાં ચોરીની જાણ થતા જ ગ્રામજનો અને ટ્રસ્ટીઓ દોડી આવ્યા હતા. બનાવ અંગે લાઠી પોલીસને જાણ કરવામાં આવતા ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે ડોગ સ્ક્વોડ અને ફિંગરપ્રિન્ટ એક્સપર્ટની મદદથી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. ભક્તોની આસ્થાના કેન્દ્ર સમાન મંદિરમાં થયેલી આ મોટી ચોરીને પગલે પંથકમાં ચકચાર મચી ગઈ હતી. લાઠી પોલીસ સ્ટેશનના પી આઈ એસ એમ સોની વધુ તપાસ કરી રહ્યા છે.

**રૂ.૧૩.૮૬ લાખના દાગીનાની ચોરીની સીસીટીવીમાં સમગ્ર ઘટના કેદ થઈ**

# રાજુલા શહેરના મફતપરા વિસ્તારમાંથી ચાર શકુનીઓને ઝડપી પાડતી પોલીસ

**રૂા.૧૦,૮૪૦નો મુદ્દામાલ ઝડપાયો, પોલીસે વધુ તપાસ હાથ ધરી**

રાજુલા, તા.૨૭

રાજુલામાં મફતપરા શીતળામાતાજી મંદિર પાસેથી પોલીસે ચાર શકુનીને ઝડપી પાડ્યા હતા. પ્રકાશભાઈ વિનુભાઈ સોલંકી, નરેશભાઈ દેવજીભાઈ વાવડીયા, દાદુશા ગુલાબશા પઠાણ તથા મહમદભાઈ મુસ્તાકભાઈ ચાવડા જાહેર શેરીમાં ગંજીપતાના પાના વડે હારજીતનો તીનપતીનો જુગાર રમતા રોકડા રૂ.૧૦,૮૪૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા.

રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એસ. બાંભણીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના લાલાવદર ગામે ગણતંત્ર દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી

અમરેલી,તા.૨૭

અમરેલીના લાલાવદર ગામના આંગણે ૭૭મા પ્રજાસત્તાક પર્વની તાલુકા કક્ષાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંત અધિકારી નાકિયા સાહેબ અને મામલતદાર વરું દ્વારા ધ્વજવંદન કરી પ્રેરણાદાયી ઉદબોધન અપાયું હતું. આ અવસરે પોલીસ પરેડ,



રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો અને પ્રતિભાશાળી કર્મચારીઓ તેમજ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી કટેશિયા, પોલીસ અધિકારી ડાંગર, વાઝા અને તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરિયા, વનરાજભાઈ કોઠીવાળ, ચેતનભાઈ ધાનાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે દાતા ડી. બી. માતરિયા તરફથી અલ્પાહારનું આયોજન કરાયું હતું. મોટી સંખ્યામાં ગ્રામજનોએ હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# વડીયાના બાંભણીયા ગામના પુલ પર ભેસો ભટકાવા બાબતે માથાકૂટ

વડીયા, તા. ૨૭

વડીયાના બાંભણીયા ગામના પુલ પર પશુ ભટકાવવા બાબતે માથાકૂટ થઈ હતી. બંને પક્ષોએ સામ સામી ફરિયાદ નોંધાવી હતી. ધીરજલાલ નનુભાઈ પાનસુરીયા (ઉ.વ.૫૨) એ રસીકભાઈ હરીભાઈ ચાવડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાની ફોરવ્હીલ ગાડી લઈ દેરડી ગામે જતા હોય તે વખતે બાંભણીયા ગામના પુલ પર આરોપી તેમની ભેંસો લઈને જતા હોય તે વખતે એક ભેંસ ફરીયાદીની ફોરવ્હીલ કાર સાથે ભટકાઈ હતી. જેથી તેમણે આરોપીને તેમની ભેંસો રોડની સાઈડમાં ચલાવવાનુ કહેતા સારૂ નહોતું લાગ્યું અને જેમ ફાવે તેમ ગાળો આપી તેના હાથમાં રહેલ લાકડીનો એક ઘા ડાબા પગના ગોઠણના ભાગે મારી મુઢ ઈજા કરી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ રસીકભાઈ હરીભાઈ ચાવડા (ઉ.વ.૫૦) એ બાલુભાઈ નાનુભાઈ પાનસુરીયા તથા રઘાભાઈ બાલુભાઈ પાનસુરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ પોતાના માલઢોર લઈને ગામને પાદરે જતા હોય તે વખતે આરોપી પોતાનું બાઈક લઈ ત્યાંથી નીકળ્યા હતા. આ વખતે માલઢોર આડા પડતા બાઈક ઉભું રાખી તેમને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. તેમજ ગાલ પર એક લાફો મારી જતા રહ્યા હતા. જે બાદ છરી કાઢી તેમને પેટના ભાગે મારી દઈ ઈજા કરી હતી. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી પી ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના ટીંબી ગામેથી બે બાળકો સાથે પરિણીતા ગુમ

ખાંભા, તા. ૨૭

ખાંભા તાલુકાના ટીંબી ગામેથી એક પરિણીતા પોતાના બે માસૂમ બાળકો સાથે રહસ્યમય રીતે ગુમ થતા ચકચાર મચી ગઈ હતી. આ મામલે પોલીસમાં કરવામાં આવેલી જાણ મુજબ, પરિણીતા પાડોશમાં રહેતા એક યુવક સાથે ગઈ હોવાની પ્રાથમિક વિગતો સામે આવી હતી. આ અંગે લાખાભાઈ રામભાઈ ગોહિલ (ઉ.વ.૭૦)એ જાહેર કર્યા મુજબ તેમની ૩૨ વર્ષીય દીકરી દયાબેન પોતાના સાત વર્ષના પુત્ર મહાવીર અને ચાર વર્ષની પુત્રી હર્ષિતા સાથે ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વગર નીકળી ગઈ હતી. લાંબો સમય વીતવા છતાં તે ઘરે પરત ન ફરતા પરિવારે તેની શોધખોળ હાથ ધરી હતી. પોલીસ ફરિયાદ મુજબ દયાબેન તેમની પડોશમાં રહેતા ગૌતમભાઈ જીલુભાઈ ખસીયા (રહે. પીપરીયા, તા. ખાંભા) નામના યુવક સાથે જતી રહી હોવાનું જણાવાયું છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૯૦ | ૧૬૩૮ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૯૦ |
| જુવાર સફેદ | ૯૦૦ | ૧૧૧૬ |
| બાજરી | ૩૩૦ | ૫૨૬ |
| મકાઇ | ૨૭૫ | ૪૦૦ |
| તુવેર | ૯૮૦ | ૧૬૬૦ |
| ચણા પીળા | ૯૩૦ | ૧૧૫૦ |
| ચણા સફેદ | ૯૭૫ | ૧૮૫૦ |
| અડદ | ૧૦૨૦ | ૧૫૦૦ |
| મગ | ૧૦૦૦ | ૧૭૨૫ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૧૧૧ |
| ચોળી | ૭૪૦ | ૧૪૦૫ |
| મઠ | ૮૫૫ | ૧૭૨૬ |
| વટાણા | ૩૦૦ | ૧૨૦૦ |
| કળથી | ૪૦૦ | ૬૨૫ |
| રાજમા | ૩૦૦ | ૧૫૪૦ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૬૧૦ |
| મગફળી જીણી | ૧૨૫૦ | ૧૭૩૦ |
| તલી | ૧૬૮૦ | ૨૧૨૧ |
| એરંડા | ૧૧૦૫ | ૧૨૫૮ |
| અજમો | ૧૭૫૦ | ૧૯૦૦ |
| સોયાબીન | ૧૦૨૦ | ૧૦૯૯ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૬૭૦ |
| કાળા તલ | ૨૯૫૦ | ૪૬૯૦ |
| લસણ | ૧૦૧૧ | ૧૫૨૫ |
| ધાણા | ૧૧૫૦ | ૧૭૦૦ |
| મરચા સુકા | ૩૧૦૦ | ૫૪૦૦ |
| ધાણી | ૧૫૭૦ | ૨૧૨૦ |
| વરીયાળી | ૧૩૬૦ | ૧૬૨૫ |
| જીરૂ | ૪૦૫૧ | ૪૬૫૧ |
| રાય | ૧૦૫૦ | ૧૬૩૦ |
| મેથી | ૭૮૦ | ૧૩૧૮ |
| ઇસબગુલ | ૧૨૦૦ | ૨૧૭૦ |
| કલોંજી | ૨૩૦૦ | ૪૨૭૫ |
| રાયડો | ૯૫૦ | ૧૨૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૧૧ | ૪૪૩ |
| પપૈયા | ૮૪ | ૧૪૯ |
| બટેટા | ૧૦૨ | ૨૨૪ |
| ડુંગળી સુકી | ૭૫ | ૨૮૧ |
| ટમેટા | ૩૦૭ | ૫૩૧ |
| સુરણ | ૫૩૧ | ૭૩૯ |
| કોથમરી | ૧૫૩ | ૨૪૯ |
| મુળા | ૨૨૩ | ૪૦૯ |
| રીંગણા | ૩૦૫ | ૫૮૯ |
| કોબીજ | ૬૧ | ૧૧૯ |
| ફ્લાવર | ૧૭૮ | ૩૮૩ |
| ભીંડો | ૪૪૬ | ૯૬૧ |
| ગુવાર | ૧૦૧૫ | ૨૦૩૧ |
| ચોળાસીંગ | ૭૧૬ | ૧૧૧૭ |
| વાલોળ | ૨૨૬ | ૫૧૯ |
| ટીંડોળા | ૬૦૯ | ૧૨૦૩ |
| દુધી | ૧૭૧ | ૩૦૭ |
| કારેલા | ૬૮૯ | ૯૭૬ |
| સરગવો | ૭૨૩ | ૧૧૨૧ |
| તુરીયા | ૭૭૬ | ૧૧૦૯ |
| પરવર | ૧૬૦૧ | ૨૦૦૯ |
| કાકડી | ૨૪૯ | ૭૬૧ |
| ગાજર | ૧૪૧ | ૨૩૩ |
| વટાણા | ૩૩૨ | ૪૯૭ |
| તુવેરસીંગ | ૩૪૩ | ૫૧૪ |
| ગલકા | ૬૦૨ | ૮૭૧ |
| મેથી | ૧૦૯ | ૨૪૩ |
| વાલ | ૪૩૧ | ૬૨૧ |
| ડુંગળી લીલી | ૨૬૨ | ૪૦૯ |
| આદુ | ૧૦૧૭ | ૧૨૩૮ |
| ચણા લીલા | ૧૦૯ | ૩૨૯ |
| મરચા લીલા | ૪૩૨ | ૬૫૩ |
| હળદર લીલી | ૪૫૧ | ૭૧૫ |
| લસણ લીલું | ૪૪૩ | ૯૧૧ |
| મકાઇ લીલી | ૧૯૩ | ૩૨૭ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૨૬ |
| ઘઉં લોકવન | ૫૦૬ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૦ |
| સિંગદાણા જાડા | ૧૭૦૧ | ૧૯૬૧ |
| સિંગ ફાડીયા | ૯૨૬ | ૧૮૯૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૧ | ૧૨૯૬ |
| જીરૂ | ૨૮૦૧ | ૪૫૮૧ |
| કલંજી | ૧૦૦૧ | ૪૫૭૧ |
| ધાણા | ૧૧૦૦ | ૨૨૨૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૩૪૧ |
| અડદ | ૧૦૫૧ | ૧૫૩૧ |
| મઠ | ૧૦૮૧ | ૧૦૮૧ |
| તુવેર | ૧૧૧૧ | ૧૬૫૧ |
| રાય | ૭૫૧ | ૧૨૫૧ |
| મેથી | ૮૦૧ | ૧૦૫૧ |
| કાંગ | ૪૯૧ | ૫૮૧ |
| કારીજીરી | ૧૫૭૬ | ૧૫૭૬ |
| નવા ધાણા | ૧૩૫૧ | ૨૩૭૬ |
| નવી ધાણી | ૧૪૫૧ | ૩૦૫૧ |
| નવું જીરૂ | ૪૦૦૦ | ૫૨૦૦ |
| સફેદ ચણા | ૧૦૫૧ | ૧૯૭૧ |
| તલ - તલી | ૧૦૨૬ | ૨૧૫૧ |
| ધાણી | ૧૨૦૦ | ૨૨૦૧ |
| ડુંગળી સફેદ | ૧૭૧ | ૩૧૧ |
| બાજરો | ૨૮૧ | ૪૩૧ |
| જુવાર | ૮૫૧ | ૧૦૭૧ |
| મકાઇ | ૩૪૧ | ૩૯૧ |
| મગ | ૧૦૨૬ | ૧૮૧૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૨૧ |
| વાલ | ૭૫૧ | ૧૧૨૧ |
| ચોળા / ચોળી | ૫૦૦ | ૧૦૦૧ |
| સોયાબીન | ૯૩૧ | ૧૧૧૧ |
| અજમાં | ૧૫૨૬ | ૧૫૨૬ |
| કળથી | ૪૭૧ | ૪૭૧ |
| ગોગળી | ૧૧૦૦ | ૧૨૭૧ |
| વટાણા | ૪૯૧ | ૧૧૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૩૦૦ |
| મરચા | ૩૦૦ | ૧૧૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૬૦ | ૨૪૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૪૦૦ |
| કાકડી | ૩૦૦ | ૭૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૧૧૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૧૬૦ | ૩૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૮૦૦ |
| તુવેર | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૨૦૦ | ૭૦૦ |
| વટાણા | ૩૦૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૪૦ |
| અંબાળા | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૮ |
| કોથમીર પુરા | ૧ | ૩ |
| મૂળા પુરા | ૩ | ૭ |
| ફોદીનો પુરા | ૨ | ૪ |
| પચકારુ | ૧૮૦ | ૩૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૧૧૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૫૦૦ |
| મેથી પુરા | ૧ | ૩ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૩૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૧૪૦૦ |
| વાલોર | ૧૦૦ | ૫૦૦ |
| કાચા પોપૈયા | ૮૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૩૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૭ |
| પાલક પુરા | ૨ | ૫ |
| **અમરેલી★** | | |
| શિંગ મઠડી | ૧૦૬૫ | ૧૫૫૫ |
| ગીરનાર શિંગ | ૧૩૦૦ | ૧૬૫૦ |
| શિંગ મોટી | ૧૧૦૦ | ૧૫૯૫ |
| શિંગ દાણા | ૧૨૦૦ | ૧૮૧૦ |
| શિંગ દાણા ફાડા | ૧૫૭૦ | ૧૭૫૫ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૧૯૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૪૫૪૦ |
| બાજરો | ૩૩૫ | ૬૩૦ |
| જુવાર | ૧૩૨૦ | ૧૩૩૦ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૮૦ |
| ઘઉં લોકવન | ૪૭૫ | ૫૨૫ |
| મકાઈ | ૫૨૫ | ૫૨૫ |
| મગ | ૧૦૫૫ | ૧૦૫૫ |
| અડદ | ૬૫૦ | ૧૫૦૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૭૫ |
| તુવેર | ૯૬૦ | ૧૬૦૫ |
| વાલ | ૧૧૦૫ | ૧૧૪૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૬૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૭૫ |
| જીરુ | ૩૦૦૦ | ૪૫૫૦ |
| ધાણી | ૧૫૦૫ | ૨૦૦૦ |
| અજમા | ૧૯૨૫ | ૨૦૦૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૯૦ |
| રજકાનું બી | ૨૫૦૦ | ૬૫૦૦ |
| મરચાં લાંબા | ૧૧૯૦ | ૬૪૦૦ |
| નવી ધાણી | ૧૪૪૫ | ૧૮૦૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૪૦ | ૨૬૦ |
| રીંગણા | ૬૦૦ | ૮૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૨૦ |
| કોબીઝ | ૧૫૦ | ૨૦૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૬૩૦ |
| ટમેટાં | ૩૨૦ | ૫૦૦ |
| સુરણ | ૭૦૦ | ૮૦૦ |
| ગાજર | ૩૦૦ | ૩૬૦ |
| દુધી | ૨૦૦ | ૩૨૦ |
| કારેલા | ૭૬૦ | ૮૭૦ |
| ગલકા | ૭૫૦ | ૮૩૦ |
| મુળા | ૧૫૦ | ૨૧૦ |
| કાકડી | ૫૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૬૦૦ | ૨૨૦૦ |
| વાલોળ | ૨૫૦ | ૩૦૦ |
| વટાણા | ૪૦૦ | ૪૬૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| આમળા | ૬૦૦ | ૭૦૦ |
| વાલ | ૪૦૦ | ૫૫૦ |
| ભીડો | ૯૦૦ | ૧૦૦૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| કોથમીર | ૧૫૦ | ૨૫૦ |
| મેથીભાજી | ૧૫૦ | ૨૦૦ |
| ફોદીનો | ૫૫૦ | ૬૫૦ |
| ટીંડોરા | ૯૦૦ | ૯૮૦ |
| બીટ | ૨૦૦ | ૨૮૦ |
| તુવેર | ૪૩૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલા | ૬૦૦ | ૧૪૦૦ |
| મરચાં લાલ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૪૦૦ |
| લસણ લીલુ | ૮૦૦ | ૧૦૦૦ |
| લસણ સુકુ | ૬૦૦ | ૨૧૦૦ |
| પાલક | ૩૦૦ | ૩૮૦ |
| લીંબુ | ૨૨૦ | ૩૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૫૨ | ૧૫૦૦ |
| શીંગ મોટી | ૧૪૦૦ | ૧૫૫૨ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૧૨ |
| તલ કાળા | ૪૦૦૦ | ૪૩૦૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૫૬૭ |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૩૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૮૦ |
| બાજરો | ૩૦૦ | ૩૮૦ |
| મગ | - | ૨૯૫૦ |
| અડદ | ૬૫૦ | ૯૭૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૬૫ |
| તુવેર | ૧૨૫૦ | ૧૬૦૦ |
| એરંડી | ૧૧૨૦ | ૧૨૯૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૭૬૫ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૩૫ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૯૦ | ૧૬૬૫ |
| કપાસ મીડી. | ૧૪૦૦ | ૧૪૮૦ |
| મગફળી જી-૨૦ | ૧૧૭૨ | ૧૫૪૮ |
| ચણા | ૯૩૫ | ૧૦૫૫ |
| જીરૂ | ૨૯૮૦ | ૪૫૦૦ |
| ઘઉં | ૪૭૨ | ૫૩૮ |
| તુવેર | ૧૦૩૨ | ૧૪૮૮ |
| તલ સફેદ | ૧૫૯૦ | ૨૦૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૬૨૩ |
| ઘઉં લોકવન | ૫૨૨ | ૫૨૬ |
| ઘઉ ટુકડા | ૪૮૦ | ૫૨૦ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૩૦ |
| ધાણા | ૧૮૫૦ | ૧૮૫૦ |
| અડદ | ૧૨૨૦ | ૧૨૨૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૨૦ |
| મગફળી | ૯૦૦ | ૧૩૬૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૩૨ |
| શીંગ દાણા | ૧૪૦૦ | ૧૫૫૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૧૮૨૦ |
| તલ કાળા | ૨૬૨૦ | ૨૬૨૦ |
| લસણ | ૬૦૦ | ૬૦૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૨૫૮ | ૧૫૮૦ |
| કપાસ સી ગ્રેડ | ૬૮૦ | ૬૯૫ |
| **ધારી** | | |
| મગફળી | ૧૨૫૦ | ૧૪૫૧ |
| ઘઉં | ૫૧૨ | ૫૧૨ |
| તુવેર | ૧૪૧૪ | ૧૫૫૫ |
| ધાણા | ૧૭૧૫ | ૧૮૩૧ |
| અડદ | ૯૫૧ | ૧૦૦૧ |
| તલ | ૧૫૦૦ | ૧૭૭૦ |
| શીંગ દાણા | ૧૩૫૦ | ૧૫૦૧ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૫૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૦૦ | ૧૪૬૦ |
| કપાસ | ૯૫૦ | ૧૬૨૦ |
| બાજરો | ૩૪૦ | ૬૨૬ |
| ઘઉં ટુકડા | ૪૫૨ | ૫૭૦ |
| જુવાર | ૭૫૦ | ૧૧૫૦ |
| મગ | ૧૦૦૮ | ૨૧૨૫ |
| અડદ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તુવેર | ૧૩૫૦ | ૧૫૨૩ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૨૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૩૬ |
| ચણા | ૭૦૧ | ૧૦૪૬ |
| અડદ | ૮૦૧ | ૧૩૦૧ |
| તુવેર | ૯૦૧ | ૧૪૪૬ |
| મગફળી | ૯૦૧ | ૧૬૪૬ |
| શિગફાડા | ૧૧૦૧ | ૧૫૫૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૯૦૬ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૩૬ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૪૨૧ | ૧૪૮૦ |
| શીંગ ૩૯ | ૧૩૧૧ | ૧૪૧૧ |
| શીંગ ૬૬ ન | ૧૫૪૭ | ૧૫૪૭ |
| શીંગ જી-૨૦ | ૧૪૩૦ | ૧૪૯૮ |
| જુવાર | ૩૩૪ | ૮૨૬ |
| બાજરી | ૩૩૩ | ૫૯૨ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૧૨ |
| મેથી | ૧૦૪૦ | ૧૦૪૦ |
| અડદ | ૮૦૦ | ૧૬૫૧ |
| મગ | ૬૩૫ | ૩૧૫૧ |
| સોયાબીન | ૧૧૧૧ | ૧૧૧૨ |
| ચણા | ૭૭૬ | ૧૧૪૦ |
| તલ સફેદ | ૧૮૫૪ | ૧૯૦૦ |
| તલ કાળા | ૩૧૯૫ | ૪૪૦૦ |
| તુવેર | ૯૯૮ | ૧૫૬૭ |
| અજમા | ૧૫૮૦ | ૧૫૮૦ |
| ડુંગળી લાલ | ૧૦૩ | ૩૫૧ |
| ડુંગળી સફેદ | ૧૬૫ | ૩૬૯ |
| કપાસ શંકર | ૬૦૦ | ૧૫૦૧ |
| નાળીયેર | ૩૮૯ | ૨૨૫૩ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૭૦ | ૧૫૯૦ |
| મગફળી | ૧૧૧૦ | ૧૨૦૦ |
| સફેદ તલ | ૨૦૩૬ | ૨૦૩૬ |
| તુવેર | ૧૨૮૦ | ૧૪૩૬ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૦૦ |

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬




લાગે તો તીર :-હવાર હવારમાં બકો બોસના ઘરે જઈ ચડ્યો
06


# ટ્રમ્પનો 'બોર્ડ ઓફ પીસ' નો તુક્કો કેટલો ચાલશે ?

બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા



ટ્રમ્પ યુનાઈટેડ નેશન્સને ખતમ કરવા માગે છે ?

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્વિત્ઝર્લેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ઐતિહાસિક 'બોર્ડ ઓફ પીસ' (Board of Peace)ને સત્તાવાર રીતે લોંચ કર્યું એ સાથે જ આ સવાલ પૂછાઈ રહ્યો છે. ટ્રમ્પે 'બોર્ડ ઓફ પીસ'ના પ્રથમ ચાર્ટરને લૉન્ચ કર્યું તેનો અભ્યાસ કર્યા પછી નિષ્ણાતોનું કહેવું છે કે, સંયુક્ત રાષ્ટ્ર એટલે કે યુનાઈટેડ નેશન્સ (UN)ની તર્જ પર બનેલી આ નવી આંતરરાષ્ટ્રીય સંસ્થાનો પ્રારંભિક ઉદ્દેશ ભલે ગાઝામાં શાંતિ સ્થાપિત કરવાનો દર્શાવાયો હોય પણ ભવિષ્યમાં આ સંસ્થાનો વિસ્તાર કરાશે અને વિશ્વભરના વિવાદો ઉકેલવા માટે કામ કરશે. મતલબ કે, આ સંસ્થા બીજા દેશોની આંતરિક બાબતોમાં ટાંગ અડાવશે.



ટ્રમ્પ અત્યારે એ કામ કરી જ રહ્યા છે અને દુનિયાના તમામ દેશોની આંતરિક બાબતોમાં દખલગીરી કરી જ રહ્યા છે પણ અત્યારે ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ હોવાથી તેમની સામે કોઈ બોલી શકતું નથી. ટ્રમ્પ પણ આ વાત સમજે છે તેથી પોતે અમેરિકાના પ્રમુખપદે હોય એ દરમિયાન જ એવી સંસ્થા ઉભી કરી દેવા માગે છે કે જેના માધ્યમથી પોતે નિવૃત્ત થાય પછી પણ પોતાની ખંજવાળ મટાડી શકે. અમેરિકાએ અત્યાર સુધી યુએનના માધ્યમથી આ કામ કર્યું પણ હવે ચીન, રશિયા સહિતના દેશોની નવી ધરી બની રહી છે તેથી યુનાઈટેડ નેશન્સમાં અમેરિકાનો પ્રભાવ પહેલાં જેવો નથી રહ્યો તેથી ટ્રમ્પ યુએનને નવરી કરીને પોતાની જ નવી સંસ્થા ઉભી કરવા માગે છે એવું પણ કહેવાય છે.

ટ્રમ્પ પોતાનું વર્ચસ્વ જાળવવા માટે એ હદે આંધળા બન્યા છે કે, અમેરિકાનાં હિતોની પણ તેમને પરવા નથી. તેમને માત્ર પોતાનું જ બધા સાંભળે એ વાતમાં રસ છે. 'બોર્ડ ઓફ પીસ'ના જે નિયમો છે તેને જોતાં આ વાત સાચી પણ લાગે કેમ કે બોર્ડ ઓફ પીસ ટ્રમ્પના વન મેન શો જેવી જ છે. બોર્ડ ઓફ પીસના ચાર્ટરને જોતાં સ્પષ્ટ થઈ જાય કે, આ સંસ્થા ટ્રમ્પની મનમાની ચલાવવાના એક માત્ર ઉદ્દેશથી બનાવાઈ છે અને અમેરિકાના પ્રમુખને કે તેની સરકારને પણ તેની સાથે કોઈ લેવાદેવા નથી.

ડોનાલ્ડ ટ્રમ્પ આ સંસ્થાના સ્થાપક પ્રમુખ છે અને તેમની પાસે અમર્યાદિત સત્તાઓ છે. પ્રમુખની મુદત કેટલી તેની કોઈ મર્યાદા નક્કી કરાઈ નથી અને તેમની પાસે જ તેમના અનુગામીને નિયુક્ત કરવાનો અધિકાર છે. પ્રમુખ પાસે જ કોઈ પણ દેશને બોર્ડમાં જોડાવા માટે આમંત્રિત કરવાની સત્તા છે. પ્રમુખ પાસે આ બોર્ડની પેટાકંપનીઓ બનાવવા, સંશોધિત કરવા અથવા વિસર્જન કરવાનો વિશિષ્ટ અધિકાર પણ છે. ચાર્ટરમાંના તમામ સુધારા અને વહીવટી આદેશો પણ પ્રમુખની મંજૂરીને આધીન છે તેના પરથી સ્પષ્ટ છે કે, આ સંસ્થા ટ્રમ્પનો વન મેન શો છે. સૌથી મહત્વની જોગવાઈ એ છે કે, ટ્રમ્પ અમેરિકાના પ્રમુખપદે રહે કે ના રહે પણ 'બોર્ડ ઓફ પીસ'ના પ્રમુખપદે રહી શકે છે. ટ્રમ્પે પોતે 'બોર્ડ ઓફ પીસ'ના આજીવન પ્રમુખપદે રહેવા માગે છે એ સ્પષ્ટ કરી દીધું છે એ જોતાં 'બોર્ડ ઓફ પીસ' ટ્રમ્પની માલિકીની કંપની જેવી રહેશે એ સ્પષ્ટ છે.

■■■

ટ્રમ્પનું ચસકી ગયું છે ?

ડોનાલ્ડ ટ્રમ્પે બીજી વાર અમેરિકાના પ્રમુખ બન્યા પછી અમેરિકાને ફરી મહાન બનાવવાના બહાને આડેધડ નિર્ણયો લીધા તેના કારણે આ સવાલ પૂછાવો સ્વાભાવિક છે. ટ્રમ્પે ભારત, ચીન, રશિયા સહિતના દેશોને દબડાવવા માટે આડેધડ ટેરિફ લાદ્યા પણ તેની ધારી અસર ના થઈ તેથી સાવ ચસકી ગયું હોય એ રીતે વર્તી રહ્યા છે. ટ્રમ્પે એક તરફ વેનેઝુએલા પર હુમલો કરીને લેટિન અમેરિકન દેશોમાં ફફડાટ ફેલાવી દીધો છે તો બીજી તરફ ઈરાનને પણ ખતમ કરી દેવાની ધમકીઓ આપી રહ્યા છે. આ ઓછું હોય તેમ ટ્રમ્પે ગ્રીનલેન્ડ પર કબજો કરવાની ધમકી આપીને યુરોપના પોતાના સાથી દેશોને અકળાવી દીધા છે ને ગાઝામાં પણ મનમાની કરી રહ્યા છે.

ટ્રમ્પે હદ તો ભારત સહિતના દેશો પર ૫૦૦ ટકા ટેરિફ લાદવાની હિલચાલ દ્વારા કરી દીધી છે. રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિને ટ્રમ્પની વાત માનીને યુક્રેન સામે યુધ્ધવિરામ ના સ્વીકાર્યો તેથી અકળાયેલા ટ્રમ્પે રશિયાનું નાક દબાવવા માટે આર્થિક પ્રતિબંધો વધાર્યા છે. આ ઉપરાંત રશિયા સાથે આર્થિક સંબંધો રાખતા ભારત, ચીન, બ્રાઝિલ સહિતના દેશોને દબડાવવા માટે ૫૦૦ ટકા ટેરિફ લાદતા બિલને મંજૂરી આપી દીધી છે. ટ્રમ્પ ઈરાન અને બાંગ્લાદેશ જેવા દેશોમાં લોકોને ભડકાવીને અશાંતિ પણ ઉભી કરી રહ્યા છે. વેનેઝુએલામાં તો ટ્રમ્પે બધી મર્યાદા બાજુ પર મૂકી દીધી અને આંતરરાષ્ટ્રીય કાયદાઓની ઐસીતૈસી કરી નાખી. અમેરિકાએ વેનેઝુએલા પર આક્રમણ કરીને વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમના પત્નીને ઉઠાવી લીધા તેમાં આંતરરાષ્ટ્રીય કાયદાઓનો ભંગ થયો હોવાનું ખુદ યુનાઈટેડ નેશન્સે કહ્યું તેનાથી અકળાયેલા ટ્રમ્પે યુએનને ઠેકાણે પાડવા 'બોર્ડ ઓફ પીસ'નું તૂત ઉભું કર્યું હોવાનું કહેવાય છે.

■■■

આ બધું જોતાં ટ્રમ્પ સનકી થઈ ગયા હોય એવું લાગે પણ સદ્‌નસીબે દુનિયાના મોટા ભાગના દેશો ટ્રમ્પની સાથે નથી. ટ્રમ્પે ૬૨ દેશોને 'બોર્ડ ઓફ પીસ'માં જોડાવા માટે નિમંત્રણ આપ્યું હતું પણ માત્ર ૧૯ દેશો તેમાં જોડાયા છે તેના પરથી સ્પષ્ટ છે કે ટ્રમ્પના વિચારોને દુનિયાનું સમર્થન નથી. અત્યાર સુધીમાં આ બોર્ડ સાથે ઈઝરાયલ, જોર્ડન, ઈન્ડોનેશિયા, ઈજિપ્ત, બલ્ગેરિયા, બેલારુસ, કઝાકિસ્તાન, કોસોવો, મોરોક્કો, મંગોલિયા, પાકિસ્તાન, કતાર, સાઉદી અરેબિયા, તુર્કીયે અને સંયુક્ત આરબ અમીરાત જોડાયા છે. આ પૈકી મોટા ભાગના મુસ્લિમ દેશો છે કે જેમને ગાઝામાં શાંતિમાં રસ છે અથવા અમેરિકાને ઈન્કાર કરી શકે તેમ નથી. બીજી તરફ યુરોપિયન દેશો ટ્રમ્પના તુક્કાથી સાવ દૂર રહ્યા છે. ટ્રમ્પે ભવિષ્યમાં 'બોર્ડ ઓફ પીસ' યુએનનું સ્થાન લેશે એવો દાવો કર્યો છે. અત્યારે યુનાઈટેડ નેશન્સની સિક્યુરિટી કાઉન્સિલમાં ફ્રાન્સ અને યુકે એ બે દેશો પાસે વીટો પાવર છે તેથી અમેરિકાની મનમાનીને રોકી શકે છે. અમેરિકાની નજીક રહેલા યુરોપના દેશોને ડર છે કે, 'બોર્ડ ઓફ પીસ'માં અમેરિકાનું જ વર્ચસ્વ હશે તેથી તેમનો એકડો જ નહીં રહે. આ કારણે આ દેશો ટ્રમ્પના 'બોર્ડ ઓફ પીસ'ના તુક્કાથી દૂર છે. ભારત પણ 'બોર્ડ ઓફ પીસ'માં નથી જોડાયું કેમ કે ભારતને એકલા અમેરિકાના પડખામાં ભરાવાનું પરવડે તેમ નથી.

ભારતને બીજો પણ એક વાંધો હોઈ શકે છે. ટ્રમ્પના પ્રસ્તાવિત 'બોર્ડ ઓફ પીસ'ના ચાર્ટર પ્રમાણે કાયમી સભ્યપદ મેળવવા માટે પહેલા વર્ષમાં ૧ અબજ ડોલર એટલે કે લગભગ ૯૨૦૦ કરોડ રૂપિયાની ફી ચૂકવવી પડશે. ગાઝામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપવા માટે ટ્રમ્પે જે યોજના બનાવી છે તેમાં અમેરિકન કંપનીઓને ફાયદો થવાનો છે, ભારત જેવા દેશોને કોઈ મોટો ફાયદો નથી પછી ભારત શું કરવા ૧ અબજ ડોલરનું આંધણ કરે ? ભારત આર્થિક રીતે સધ્ધર દેશ છે પણ બીજા નાના નાના દેશોને તો ૧ અબજ ડોલરની ફી પણ ના પરવડે તેથી નાના નાના દેશો તો આ કારણે જ દૂર થઈ ગયા છે.

આ સંજોગોમાં ટ્રમ્પનો આ તુક્કો લાંબો નહીં ચાલે એ સ્પષ્ટ છે. ટ્રમ્પ અમેરિકાના પ્રમુખપદે હજુ બીજા ત્રણ વર્ષ માટે છે અને એ પછી ઈચ્છે તો પણ ફરી અમેરિકાના પ્રમુખ નહીં બની શકે કેમ કે અમેરિકામાં કોઈ પણ વ્યક્તિ બે ટર્મ માટે જ પ્રમુખ બની શકે છે. દુનિયાભરમાં ઉતર્યો અમલદાર કોડીનો એ હિસાબ ચાલે છે તેથી ટ્રમ્પ એક વાર અમેરિકાના પ્રમુખપદેથી ઉતરશે પછી અમેરિકામાં પણ તેમની કોઈ કિંમત નહીં રહે. મતલબ કે, ટ્રમ્પનો તુક્કો ત્રણ વર્ષથી વધારે ચાલશે નહીં પણ ત્રણ જ વર્ષમાં ટ્રમ્પ કેટલું નુકસાન કરી દેશે એ ખબર નથી. ■ sanjogpurti@gmail.com

# "બોર્ડર" (૧૯૯૭)ની તોલે નથી આવતી "બોર્ડર ૨" (૨૦૨૬)




ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

બોલીવુડે ફિલ્મોના ગ્રાન્ડ ઓપનિંગ તો બહુ જોયા પરંતુ જે.પી. દત્તાની ફિલ્મ 'બોર્ડર ૨'નો રિલીઝ થતા પૂર્વેનો દબદબો આલા ગ્રાન્ડ હતો. ડિસ્ટ્રીબ્યુટર AA ફિલ્મ્સની દાદાગીરી ભવ્ય અને દિવ્ય હતી. બહુ મોટા મોટા બેનરની ફિલ્મોને ઘણી વખત થિયેટરોમાં શો મેળવવાના પણ વાંધા પડી જતા હોય છે ત્યારે 'બોર્ડર ૨'ના કેસમાં એડવાન્સ બુકિંગને સારો પ્રતિસાદ મળ્યો અને ડિસ્ટ્રીબ્યુટરે તમામ સિંગલ સ્ક્રીન થિયેટરોને સાફ જણાવી દીધું કે બે સપ્તાહ સુધી માત્રને માત્ર 'બોર્ડર ૨' જ ચાલશે. અને ૭ કે તેથી વધુ સ્ક્રીન ધરાવનાર મલ્ટિપ્લેક્સને રોજના ૨૦ શો કરવા પડશે. ફિલ્મની લંબાઈ ૩ કલાક ૧૯ મિનિટની છે.

ઉલ્લેખનીય છે કે 'બોર્ડર ૨' એ ૧૯૯૭માં આવેલી જે.પી. દત્તાની ફિલ્મ 'બોર્ડર'ની સિક્વલ છે. 'બોર્ડર' એ ૧૯૭૧ના ભારત પાકિસ્તાન યુદ્ધ દરમિયાન લડાયેલ બેટલ ઓફ લોંગેવાલા (૧૯૭૧) પર આધારિત હતી. ફિલ્મ મલ્ટી સ્ટારર હતી અને તેમાં સની દેઓલ, જેકી શ્રોફ, અક્ષય ખન્ના, સુનીલ શેટ્ટી, સુદેશ બેરી, કુલભૂષણ ખરબંદા, પુનિત ઈસ્સાર, તબુ, પુજા ભટ્ટ, રાખી ગુલઝાર સહિતના અનેક મોટા સ્ટારકાસ્ટની મહત્વની ભૂમિકાઓ હતી. જ્યારે 'બોર્ડર ૨'માં સની દેઓલ, વરૂણ ધવન, દિલજિત દોસાંજ અને આહાન શેટ્ટી સહિતનું સ્ટારકાસ્ટ છે પણ તેમાં હોટ સ્ટાર તો માત્ર સની દેઓલ જ કહી શકાય. ૧૯૯૭ની 'બોર્ડર' ફિલ્મમાં ગજબની લોકપ્રિયતા મેળવનાર ગીતોનું સંગીત અનુ મલિકે એકલા હાથે આપ્યું હતું. એમણે એ વખતે ક્રિએટ કરેલા "સંદેશે આતે હૈ", "એ જાતે હુએ લમ્હોં" અને "હિન્દુસ્તાન મેરી જાન" સહિતના ત્રણ ગીતો "બોર્ડર ૨"માં રિક્રીએટ થયા છે એટલે કે ધૂન એની એ જ છે પરંતુ એ જ ધૂનમાં નવા શબ્દો ઢાળવામાં આવ્યા છે. તેમ છતાં ફિલ્મમાં કુલ ૫૧ મિનિટ જેટલો સમય લેનાર ૯ ગીતો માટે અનુ મલિક ઉપરાંત મિથુન, સચેત-પરંપરા, વિશાલ મિશ્રા અને ગુરમો સહિતના સ્ટાર સંગીતકારોને કામે લગાડવામાં આવ્યા છે મતલબ કે સંગીતની દ્રષ્ટિએ આ ફિલ્મ મલ્ટી સ્ટારર છે એમ કહેવું પડે. ૧૯૯૭માં પ્રોડ્યુસર અને ડાયરેક્ટર તરીકેની બેવડી જવાબદારી જે.પી. દત્તાએ એકલા હાથે નિભાવી હતી. જ્યારે આ વખતે દિગ્દર્શનની જવાબદારી અનુરાગ સિંગને સોંપવામાં આવી છે અને પ્રોડ્યુસર તરીકે જે.પી. ફિલ્મસ અને ટી સિરીઝના બેનર હેઠળ આ જવાબદારી જે.પી. દત્તા ઉપરાંત નીધિ દત્તા, ક્રિષન કુમાર અને ભૂષણ કુમારે નિભાવી છે. એટલે પ્રોડક્શનની દ્રષ્ટિએ પણ "બોર્ડર ૨"ને મલ્ટી સ્ટારર કહેવી પડે. ૩૦ વર્ષ પહેલાં બોર્ડરનું બજેટ ૧૨ કરોડ હતું અને અત્યારે "બોર્ડર ૨"નું બજેટ ૨૫૦ કરોડ કહેવાય છે. બોર્ડરમાં માત્ર લોંગેવાલા બેટલની વાત હતી જ્યારે "બોર્ડર ૨"માં ૧૯૭૧નો મલ્ટી ફ્રન્ટ વોર સિનારીઓ છે, જેમાં ઓપરેશન ચંગીઝ ખાન, બેટલ ઓફ પુંચ, બેટલ ઓફ બસંતાર અને ડિફેન્સ ઓફ આઈએનએસ ખુકરી સહિતની વાત આવરી લેવાઈ છે.

દેશભક્તિની ફિલ્મ હોય એટલે અમસ્તુએ એનું નબળું કશું બોલવાનું ન થાય. દેશભક્તિની ફિલ્મો કોઈ બનાવે છે એ જ મોટી વાત છે. તેમ છતાં "બોર્ડર ૨" જોયા પછી એટલું તો કહેવાનું મન થાય જ છે કે "બોર્ડર" (૧૯૯૭) જેવી ક્લાસિક મુવી આ નથી. જે.પી. દત્તાના પોતાના અંગત પ્રશ્નો હશે પરંતુ પ્રશ્ન એ તો થાય જ છે કે જે.પી. દત્તાએ પોતે આ ફિલ્મનું નિર્દેશન શા માટે ના કર્યું? ૧૯૯૭ ના ગીતો રિપીટ કર્યા હોવા છતાં એ વખતના ગીતો કરતા નબળા લાગે છે. સંગીતની દ્રષ્ટિએ પણ નબળાં અને પિક્ચરાઈઝેશનની દ્રષ્ટિએ પણ નબળાં. સ્ટોરી અને સ્ક્રીન પ્લે પણ ૧૯૯૭ જેવો જાદુ કરી શક્યા નથી. કેટલાક સીન વધુ પડતી અને બિનજરૂરી ડીટેલમાં જાય છે તે સફળતાપૂર્વક કંટાળો આપે છે. અગાઉ આપણે ફિલ્મના ગીતો વખતે ટોકીઝમાંથી બહાર જઈને કુદરતી ઈચ્છાઓ પૂરી કરી આવતા હતા. અહીંયા તો અમુક સીન જ એવા છે કે થોડીવાર ઝોલું ખાઈ જાવ તો પણ ચાલે. ૧૯૯૭ ની બોર્ડરમાં સૈનિકોની પોતપોતાની પત્નીઓ, પ્રેમિકાઓ, માતાઓ અને ઘર પરિવારના સભ્યો સાથેના પોતપોતાના સંબંધો અને લાગણીઓ વિગતવાર વર્ણવ્યા હતા તે સરસ લાગતું હતું. પણ હવે અહીંયા ૨૦૨૬ માં પણ એના એ જ દ્રશ્યો એના એ જ ડાયલોગ્સ પાત્ર ફેરે થાબડી દીધા છે. એ ટૂંકાવવાની જરૂર હતી. સટાસટ સીન પસાર થઈ જતા હોય તો આપણે સમજી જઈએ કે ભાઈનું ઓલી કે ઓલા સાથેનું ઈમોશનલ બોન્ડિંગ ઘણું મજબૂત હતું. એને બદલે અહીંયા તો લાંબા લાંબા કંટાળાજનક ગીતો પણ ફટકારી દીધા છે. ગીતો અને બીજા ઘણા બધા લાગણીવેડામાં ઊંડા ઉતરવાને બદલે એ વખતના પોલિટિકલ સિનારીયોમાં ડોક્યુમેન્ટ કર્યું હોત તો ફિલ્મ વધુ આકર્ષક બની શકી હોત. ફિલ્મ જોઈએ તો એવું લાગે કે બસ સૈનિકોને અને તેમના અધિકારીઓને બસ રેઢેરેઢા લડવા માટે મોકલી દીધા હોય. પોલિટિકલ કમાન્ડનું તો જાણે કોઈ મહત્વ જ નથી!

કોઈ જગ્યાએ યુદ્ધ થતું હોય તો આપણી ઊંઘ ઊડી જતી હોય છે અને યુદ્ધસ્ય કથા રમ્યા લાગે છે પણ અહીંયા તો યુદ્ધમાં પણ એકધારાં રિપીટેટીવ દ્રશ્યો આવ્યા કરે છે એટલે યુદ્ધ વખતે પણ ઊંઘ આવે છે. યુદ્ધમાં પણ લશ્કર ક્યાં લડે છે બહુ સમજાતું નથી. યુદ્ધ આપણે લડવા જતા હોઈએ તો ક્યારેક આપણને એ ન સમજાય એવું બને પણ દર્શક તરીકે તો આપણને સમજાવવાની જવાબદારી દિગ્દર્શકની છે. યુદ્ધના અડધા દ્રશ્યો ઊંઘજનક છે પણ અડધા દ્રશ્યો ઊંઘ ઉડાડનારા પણ છે એટલે સરભર થઈ જાય છે. ફિલ્મમાં તમામ અભિનેતાઓનો અભિનય ઓકે ઓકે છે પણ સની દેઓલનો અભિનય કમ સે કમ ફિલ્મ જોવાના પૈસા વસૂલ કરાવી આપે છે.

સની દેઓલના ભાગે આવેલા ડાયલોગ્સ કરતા તેણે આપેલી ડાયલોગ ડિલિવરી વધારે સુંદર છે. ફિલ્મ એકાદ વાર જોવામાં કંઈ ખોટું નથી કેમકે ૧૯૭૧નું યુદ્ધ કઈ રીતે લડાયું હતું તેનો આછો-પાતળો ખ્યાલ આવશે. એ વખતના શસ્ત્રો, વોર સ્ટ્રેટેજી વગેરેનો અંદાજ આવશે. બાકી તો દેશભક્તિની ફિલ્મ હોય ત્યાં વધુ શું કહેવાનું હોય? હા એટલું તો કહી દેવું પડે કે આવું ને આવું કરવાનું હોય તો "બોર્ડર ૩" નહીં બનાવતા મારા ભાઈ. એટલું ખરું કે શાહરુખ ખાન કે અમીરખાન જેવાઓ દેશભક્તિની આડમાં પરદેશભક્તિની ફિલ્મો બનાવે છે તેના કરતાં આ ફિલ્મ સારી કહેવાય.

બીજી વાત, "બોર્ડર ૨"ને ઓપનિંગ કલેક્શન સારું મળ્યું છે કારણ કે મેગા હિટ "ધૂરંધર" પછી કેટલાક અઠવાડિયાથી બીજી કોઈ સારી ફિલ્મ આવી ન હતી અને આવનારા એકાદ બે સપ્તાહ સુધી બીજી કોઈ મોટી ફિલ્મ આવવાની પણ નથી. એટલે ફિલ્મ પોતાનો ૨૫૦ કરોડનો ખર્ચો ઊભો કરવામાં અને વધારાની કમાણી કરવામાં સફળ જાય તો પણ અને ફિલ્મ સુપરહિટ બને તો પણ ફિલ્મ ક્રાફ્ટ્સમેનશીપની દ્રષ્ટિએ ફિલ્મ બોર્ડર ૧૯૯૭ની તોલે નથી આવતી એ તો પાકું જ છે. ■ naranbaraiya277@gmail.com

# જીવન જીવવાની કળા એટલે કેળવણી



સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)



માનવજીવન એ કુદરતે આપેલો અણમોલ ખજાનો છે. મનુષ્ય તરીકે જીવન મળવું એ ઈશ્વરનો પ્રસાદ છે. માનવ તું માનવ થા. ગમે તેટલું શિક્ષણ આવે પરંતુ કેળવણી ના આવે તો તેનો અર્થ શું? કેળવણીનું મુખ્ય કાર્ય માનવીને કેળવવાની સાથે સાથે દેશના જવાબદાર નાગરિક બનાવવાના છે. તેની અંદર રહેલી સુષુપ્ત શક્તિઓ થકી રાષ્ટ્ર નિર્માણમાં મૂલ્યવર્ધક બાબતો ઉમેરાય અને તેનો સર્વાંગી વિકાસ થાય તેવી તમામ બાબતો જેના થકી એક આદર્શ નાગરિક તરીકે સમાજમાં સારું જીવન જીવી શકે તેવી કલા એટલે કેળવણી.

વિલાસપુરના કલેક્ટર ડો.સંજય અલંગ કેન્દ્રીય જેલમાં ગયા તો તેમની નજર એક ૬ વર્ષની છોકરી ઉપર ગઈ. તેમણે તરત જ જેલરને કહ્યું કે, 'આ કોણ છોકરી છે...? અને જેલમાં શું કરે છે...?' તો જેલરે કહ્યું, 'આ છોકરીના પિતા અહીં કોઈ ગુનાની સજા ભોગવી રહયાં છે તેની સાથે રહે છે, કેમકે છોકરી ૧૫ દિવસની થઈ હતી ત્યારે જ તેની માનું અવસાન થયું હતું અને હાલ એમના પિતા સિવાય છોકરીનું આ દુનિયામાં બીજું કોઈ જ નથી. એટલે તે તેના પિતા સાથે જેલમાં રહે છે.' આ વાત સાંભળીને ભીની આંખે તરત કલેક્ટર સાહેબે તેને વ્હાલથી તેડીને પોતાની કારમાં બેસાડી. તેને જૈન ઈન્ટરનેશનલ સ્કૂલમાં ભણવા માટે દાખલ કરી અને ભણવાનો તમામ ખર્ચ કલેક્ટર સાહેબ આપશે. સાચા કલેક્ટર ત્યારે બન્યા જ્યારે દીકરીમાં માનવતા દર્શાવી. ખુબ જ સમજવા જેવી અને એક સાચી હકીકત છે આ..... સમૃદ્ધ ભારત તરફનું આ એક જરૂરી પ્રથમ પગલું છે. આ વાસ્તવિકતા જાણી મન ખુશ છે કે ચાલો માનવતા હજું જીવંત છે. માનવતાની દિવાલેથી...લોકો કહે છે ભગવાન ક્યાં છે ? તો તમને જણાવી દઉં ભગવાન આ કલેક્ટરના હૃદયમાં છે.

કેળવણી એટલે વ્યક્તિઓનો સર્વાંગી વિકાસ. બોધાત્મક, ભાવનાત્મક જોડાણ, સમાજ સાથેનું તાદાત્મ્ય, વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના સદ્‌વિચારોનું આદાનપ્રદાન. ફક્ત માણસનો બૌદ્ધિક વિકાસ થાય તો ચાલશે? ના. માણસની બુદ્ધિમતા સાથે તેનામાં સંસ્કારોનું સિંચન થવું એટલું જ જરૂરી છે. જો વ્યક્તિનું બૌદ્ધિક સ્તર ઊંચું હશે અને તેનામાં નીતિમત્તા નહીં હોય તો શું તંદુરસ્ત સમાજનું સર્જન થઈ શકશે? પેઢી દર પેઢી મનુષ્યનો બુદ્ધિ આંક બદલાતો હોય છે, એક પેઢી કરતા આગળની પેઢી બે કદમ આગળ હોય છે. જેને આપણે વિકાસાત્મક અભિવ્યક્તિ ગણીશું, પરંતુ સાથે સાથે જૂની પ્રણાલી, જૂની બાબતો, પ્રક્રિયાઓ જો સાથે લઈને ચાલીશું તો એક ખૂબ સુંદર સમાજનું નિર્માણ થશે, માટે આજની આ પેઢીને ફક્ત પોપટીયું જ્ઞાન ના આપતા, તેને રોબોટ ના બનાવતા. સંસ્કારોનું સિંચન કરી યોગ્ય પથ બતાવી એક માનવીનું સર્જન કરીએ જે પ્રેમ, દયા, લાગણીથી પરિતૃપ્ત હોય. માણસાઈના દીવા માનવીના હૃદયમાં પ્રદીપ્ત હોવા જોઈએ. અનીતિ, ભ્રષ્ટાચાર, સગાવાદ, જાતિવાદ અને દેશ વિરોધી બાબતો શિક્ષણ આવ્યા પછી દૂર ના થાય તો તે ભણેલો ડફોળ છે. શિક્ષણનું મુખ્ય કાર્ય સમાજના સારા નાગરિકોની સાથે સાથે રાષ્ટ્રભાવના નિર્માણ કરવાની છે. ભારત મારો દેશ છે તેના સર્વાંગી વિકાસમાં મારું યોગદાન આપીશ. મારી ફરજ નિષ્ઠાથી બજાવીશ. દેશના મૂલ્યોને જાળવી તેનું સંવર્ધન કરીશ. પ્રમાણિકતાથી કાર્ય કરીશ અને કરાવીશ.

આજની પેઢી બદલાઈ રહી છે. લઘુતાગ્રંથિ અને ગુરુતાગ્રંથિથી પીડાતી તેમજ હંમેશા જીતની અભિલાષા સેવતી અને પોતાનામય બની રહી છે. આપણામાં એક કહેવત છે 'કુમળો છોડ વાળીએ તેમ વળે' તો આ છોડને ફક્ત અને ફક્ત સગવડ પૂરી ના પાડતા તેમનામાં કોન્ફિડન્સ તેમજ લાગણીઓ અને અને સમાજ ઉપયોગી એક કલ્યાણકૃત વ્યક્તિ બનાવવાની દિશામાં પ્રેરાઈએ. આજે ભૌતિકવાદમાં એટલા બધા વ્યસ્ત થઈ ગયા છીએ કે આપણા સંસ્કારો, ધાર્મિકતા, અધ્યાત્મિકતા અને સંસ્કૃતિને ભૂલતા ગયા છીએ. રાષ્ટ્રની ધરોહર શ્રેષ્ઠ માનવ બની શ્રેષ્ઠ કાર્ય કરવાની છે. આ દેશમાં જન્મવું એ જ ગૌરવની બાબત છે. ગમે તેટલી ટેકનોલોજી આવશે પરંતુ હૃદયની ભાવનાત્મક ટેકનોલોજી નહીં આવે ત્યાં સુધી બધું નિરર્થક છે. કરોડો રૂપિયાની ટાંકીઓ તૂટી જાય, બ્રિજ બેસી જાય, પુરવઠા ખાતામાંથી અનાજ બારોબર વેચાઈ જાય, અંડર ટેબલ થકી ફાઈલોમાં લક્ષ્મીનો વેપાર થાય, ભેળસેળ કરીને અનાજ અથવા ફરસાણ વેચી માનવ સમુદાયને -જીવતા જીવને મારવાનું કૃત્ય મેડિકલ ક્ષેત્રે થાય, ખાદ્ય પદાર્થો અને અન્ય બાબતોમાં થતી છેતરપિંડી શું કેળવણી શીખવે છે?

નાનાભાઈ ભટ્ટના શબ્દોમાં કહીએ તો કેળવણીનું મુખ્ય કાર્ય માત્ર ભણાવવું નથી તેનો સર્વાંગી વિકાસ થાય એવું શિક્ષણ આપવાનું છે. ગાંધીજીના મતે કેળવણી એટલે હૈયું, હાથ અને હેડ આ ત્રણ એચની કેળવણી થકી માનવી યોગ્ય માર્ગે જીવન જીવી શકે છે. ૨૬મી જાન્યુઆરીના રોજ દેશનો ૭૭ મો પ્રજાસત્તાક દિવસ છે ત્યારે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આવે છે તેના અનુસંધાને સ્કીલ, કૌશલ્ય, આવડત અને માનવતા નામની મહેક ફેલાવીએ તે જ સૌથી મોટી કેળવણી છે. ■

Mo.9825702282

# શિયાળામાં શરીર, ત્વચા અને આરોગ્યની ખાસ કાળજી



૧. ઠંડાથી બચાવ
- ગરમ કપડાં પહેરો (સ્વેટર, મફલર, ટોપી)
- વહેલી સવાર અને મોડી રાત્રે બહાર જવાનું ટાળો
- ઠંડા પવનથી કાન અને ગળાનું રક્ષણ કરો

૨. આહાર (ખોરાક)
- ગરમ અને પોષણયુક્ત ખોરાક લો
- સૂપ, દાળ, ખીચડી, ઉકાળેલી શાકભાજી લાભદાયી
- તલ, ગુંદ, શીંગ, ચણા, ડ્રાયફ્રૂટ્ સમર્યાદામાં લો
- બહુઠંડાપદાર્થો (આઈસક્રીમ, ઠંડાપીણાં) ટાળો

૩. પાણીનું સેવન
- ઠંડા હોવા છતાં પૂરતું પાણી પીવો
- શક્ય હોય તો હળવું ગરમ પાણી પીવો

૪. ત્વચાની સંભાળ
- નાહ્યા પછી તરત મોઈશ્ચરાઈઝર અથવા તેલ લગાવો
- વધુ ગરમ પાણીથી નાહવાનું ટાળો
- હોઠમા ટેલિપબામનો ઉપયોગ કરો

૫. આરામ અને ઊંઘ
- પૂરતી ઊંઘલો
- રાત્રે વહેલા સૂવાનો પ્રયત્ન કરો

૬. વ્યાયામ અને યોગ
- નિયમિત હળવો વ્યાયામ કરો
- પ્રાણાયામ અને સૂર્યનમસ્કાર ખૂબ લાભદાયી

૭. રોગપ્રતિકારક શક્તિ
- તુલસી, આદુ, મરીવાળી ચા લો
- વિટામિનઝવાળા ફળો (નારંગી, આમળા) લો
- શરદી-ખાંસીના લક્ષણો અવગણશો નહીં

૮. બાળકો અને વૃદ્ધોની ખાસ કાળજી
- બાળકોને પૂરતા ગરમ કપડાં પહેરાવો
- વૃદ્ધોને ઠંડા ફ્લોર પર બેસવા ન દો
- શિયાળામાં બાળકોની ખાસ કાળજી ખૂબ જરૂરી છે, કારણ કે તેમની રોગપ્રતિકારક શક્તિ પુખ્ત લોકો કરતાં નાજુક હોય છે.

શિયાળામાં બાળકોની ખાસ સંભાળ

૧. કપડાંની કાળજી
- બાળકોને લેયરવાળા ગરમ કપડાં પહેરાવો
- માથું, કાન, ગળું અને પગ સારી રીતે ઢાંકી રાખો
- ખૂબ ટાઈટ કપડાં ન પહેરાવો (રક્ત પ્રવાહ બરાબર રહે)

૨. આહાર (ખાસધ્યાન)
- ગરમ અને પૌષ્ટિક ખોરાક આપો
- દાળ, દૂધ, ઘી, શાકભાજી, સૂપ ખૂબ લાભદાયી
- તલના લાડુ, શીંગ-ચણા મર્યાદામાં
- ઠંડા પીણાં, ફ્રિજનું ખોરાક ટાળો

નાનાં બાળકો માટે: અતિ ગરમ ખોરાક ન આપવો

૩. પાણી અને પ્રવાહી
- બાળકોને સમયસર પાણી પીવડાવો
- હળવું ગરમ પાણી વધુ યોગ્ય
- શરદીમાં દૂધમાં થોડી હળદી આપી શકાય

૪. ત્વચા અને હોઠની સંભાળ
- નાહ્યા પછી તરત બેબીઓઈલ/મોઈશ્ચરાઈઝર લગાવો
- વધુ ગરમ પાણીથી નન્હલાવો
- હોઠ ફાટતા હોય તો બેબીલિપ બામ અથવા ઘી

૫. ઊંઘ અને આરામ
- પૂરતી ઊંઘ ખૂબ જરૂરી
- રાત્રે ઠંડો પવનન લાગે એનું ધ્યાન રાખો
- બેડ ડ્રાય અને ગરમ રાખો (ક્રમશઃ)

વૈવિધ્ય



ડૉ. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

hemangidmehta@gmail.com

# હવાર હવારમાં બકો બોસના ઘરે જઈ ચડ્યો



હવાર હવારમાં બકો બોસના ઘરે જઈ ચડ્યો. બોસને હજી હંધૂય બાકી હતું. એકદમ બકાને જોઈને બોસને નવાઈ લાગી. કણસતા કણસતા બોલવાની ટ્રાય કરી રહેલો બકો કાંઈ બોલી શકતો નહોતો.

"બકા, હવાર હવારમાં આટલું વહેલું આવવાનું કારણ? હંધૂય ઠીકઠાક તો છે ને!?"

"કાંઈ ઠીકઠાક નથી બોસ, કાંઈ ઠીક નથી. તમારે મારી હારે બહાર આવવું પડશે."

આટલું માંડ માંડ બોલીને બકો પેટ પકડીને ઊભો રહી ગયો.

"અરે બકા, તું ગાંડો થયો કે થાશ!? તારે બહાર જાવું છે, એમાં મારુ શું કામ? ન્યાં તારે એકલાએ જ જાવું પડે."

"બોસ બોસ, હું એ બહાર જાવાની વાત નથી કરતો. બહાર એટલે.. તમારે મારી હારે પોલીસ સ્ટેશને આવવું પડશે."

"પોલીસ સ્ટેશને? ન્યાં વળી તારે શું કામ છે?? ચોરી કરવા વાળા જાય, ચોરી કરાવવા વાળા જાય, રેતી માફિયાઓ જાય, દારુ પીનારા અને વેચનારા 'ય ક્યારેક ક્યારેક જાય પ્રસાદી આપવા અને પ્રસાદી લેવા. તારા જેવા સીધા-સાદા માણસનું ન્યાં હું કામ?"

"કામ પડે બોસ, કામ પડે. આ કળજુગમાં હારા હારાને પોલીસનું કામ પડે."

"પણ..! શું કામ પડ્યું ઈ કહીશ!?" "પોલીસ મારી ફરિયાદ નથી લખતી."

"તારે વળી કોની હામે ફરિયાદ કરવી છે?" "ઘરવાળી હામે."

"કેમ શું થયું વળી?" "હવાર હવારમાં મારે માર ખાવો પડ્યો."

"સબૂત હું છે? ક્યાંય લોહી બોહી નીકળ્યું છે?" "મૂંઢમારમાં લોહી નો નીકળે."

"તો પછી પોલીસ ફરિયાદે'ય નો લખે." "ઘરવાળી ખોટી ખોટી ફરિયાદ કરે તો કેમ તરત લખે છે!?" "હવે ઈ હંધૂય અભણ અમથાલાલને ખબર."

"ના ભાઈ ના. આપણી પોલીસ એટલી બધી કામઢી 'ય નથી. એ પહેલાં તેલ જૂએ, તેલની ધાર જૂએ પછી કામગીરી કરે.

હમણાંની જ વાત છે, 'અમરેલીથી આબુ' કોલેજનો લેડીઝ પ્રવાસ ગોઠવાયો હતો. આવી છોકરીઓના બાપ સમો કોલેજનો ડાયરેકટર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો પૂર્વ કુલપતિ ડો.ભીમાણીને છોકરીઓની ચિંતા થઈ.

તે ઘરનાં ખર્ચે, ઘરની ગાડીમાં ઘરનું પેટ્રોલ બાળીને ખબર-અંતર પૂછવા ગયો."

બકાથી રહેવાયું નહીં એ વચ્ચે જ બોલ્યો.

"બચાડો માવતર જીવ કહેવાય..! એનાંથી રહેવાયું નહી હોય ચિંતા કર્યા વગર. આવાં... ડાયરેકટર ઠેક- ઠેકાણે હોય તો કેવું હારુ!!"

"બકા..આ, તું ઉતાવળો થા માં અને ઉતાવળમાં હાવ બાફી મારમાં. પુરી વાત હાંભળ."

અમથાલાલે બકાને ઠપકો આપ્યો.

"ખબર-અંતર તો પુછવા ગયો. પણ, ખબર ભૂલી ગયો. અંતરંગ પ્રશ્નો પુછવા લાગ્યો."

(બચાડાને પીધા પછી કેટલું 'ક ભાન રહે.)

છોકરીઓએ આવીને પોલીસને જાણ કરી. પોલીસ કહે, "તમારે ફરિયાદ કરવા પાછું આબુ જાવું પડશે. આબુ પોલીસનું કામ અમે આડેથી ના કરી શકીએ. અમારે કોઈના હકનું ના ખપે. અમને અમારાં હકનું જ ખપે."

"આવું જ કામ એક આસ્થાનાં ધામના નામે થયું. ઢોર માર ખાધા પછી. પોલીસ સ્ટેશનમાં ગયા ફરિયાદ માટે. કોઈ ફરિયાદ લેવા તૈયાર નહી. કારણ ભલે વિચિત્ર હોય. પણ, માર ખાધેલું ચિત્ર તો હામે જ છે."

પોલીસની આડી-અવળી વાતો હવે બોસથી ના હંભળાણી. એમણે વચ્ચે જ કહ્યું.

'તમે પોલીસને હાવ હળવાશથી ના લો. મારો એક મિત્ર છે. રાત્રે એમનો ફોન ઘરેથી ચોર ચોરી કરીને લઈ ગયો. એ પહોંચ્યા પોલીસ સ્ટેશન. ઈન્સ્પેક્ટર સાહેબ એમનાં ઓળખીતા.'

"સાહેબ! ફોન ચોરી થયો છે. ફરિયાદ લખો ને."

"ક્યાં રહો છો?" "અ બ ક સોસાયટીમાં." "જાવ, તમારો ફોન સાંજ પડતાં પડતાં આવી જાશે." "પણ, સાહેબ! ફરિયાદ તો લખો." "તમારે રોટલાનું કામ કે ટપાકાનું !??"

સાંજ પહેલા ફોન આવી ગયો. પણ, આવી આધુનિક સિસ્ટમ આજ સુધી હમજાણી નથી. અને તમે કહો છો, પોલીસ કામ નથી કરતી!??

અમથાલાલે કહ્યું. "આ બધું હવે જૂનું થઈ ગયું, નવું કાંઈ છે?"

"હા હા, છે ને. "બોસે ટટ્ટાર થઈને કહ્યું.

"હમણાં જ અમદાવાદના મેઘાણી નગરમાં એક ઘટના ઘટી. પૂર્વ કેબિનેટ મંત્રી 'પ્રદીપ પરમાર' પોતાની મોંઘી કાર લઈને નીકળ્યા. બે ત્રણ જુવાનીયાએ એમની કારને ઓવરટેક કરી. મંત્રીથી આ સહન ના થયું. (ના જ થાય ને !!) એમણે જુવાનીયા સાથે શિષ્ટ ભાષામાં ગાળાગાળી કરી. "

મંત્રીએ સીધો જ પોલીસને ફોન જોડ્યો. "તાત્કાલિક મેઘાણી નગરમાં આવો, મારી ઉપર હુમલો થયો છે."

ઉપરી સાહેબે બે પાંચ વેનને ફોન કર્યા. 'જ્યાં હોય ત્યાંથી જલ્દી મેઘાણી નગર પહોંચો.'

"પણ સાહેબ, અમે ખૂબ જ જરૂરી ગુનેગારને પકડવા જઈ રહ્યા છીએ."

"તમને કહ્યું એટલું કરો. ગુનેગાર તો ફરી ગુનો કરશે તો પકડાશે. અત્યારે આ જરૂરી મેટર છે, આપણાં સૌ માટે."

ગણતરીની મિનિટોમાં એક સાથે પાંચ પાંચ ગાડીઓ ચિચિયારીઓ પાડતી આવી પહોંચી. "શું થયું સાહેબ!? કંઈ વાગ્યું ભાંગ્યું તો નથી ને?" "ના, એમ શેનાં મારે !!"

"તો પછી શું થયું? કાંઈ પૈસા બૈસા, કે સોનું લઈ ગયાં? કે પછી મહત્વની કોઈ ફાઈલ બાઈલ ગઈ?" "ફાઈલ તો સરકારના હાથમાં 'ય નથી આવતી. તો, એનાં હાથમાં ક્યાંથી આવશે." "તો પછી આખરે થયું શું?? "સાહેબને અચરજ થયું. "મારાં ચશ્મા એ લઈને ભાગી ગયા છે." પોલીસ ખાતું ઊંધે માથે થઈ ગયું. ઠેક-ઠેકાણેના સીસીટીવી કેમેરા ઊંચા નીચા કરી નાખ્યા. આખરે આઠ કલાકની પરસેવા પાડ મહેનતથી ત્રણ છોકરાઓને પકડી ચશ્મા કબજે કર્યા."

"આવું આવું ગજબનું કામ પોલીસ ખાતું કરે છે. છતાંય તમે કહો છો કે, પોલીસ ખાતું કામ નથી કરતું!??"

અમથાલાલને મનોમન થયું, "પાંચ પાંચ ગાડીઓની રખડપટ્ટી, એ હંધાયનું પેટ્રોલ, એ હંધાયનો સમય અને જરૂરી કામ હાવ સાઈડમાં.

છતાંય બિલાડીને કોણ કહે કે, તારું મોં ગંધાય છે.

લાગે તો તીર..



કાળુભાઇ ભાડ


kalubhaibhad123@gmail.com

# ૨૦૨૬ માટે લો..આ સરળ સંકલ્પો

૨૦૨૬નું વર્ષ શરુ થયાંને સત્યાવીસ દિવસ પૂરા થયા અને આજે ૨૮ જાન્યુઆરીએ ૨૮મા દિવસની સવારે પરિવારના સુખી સ્વાસ્થ્ય માટે કેટલાક સંકલ્પ લઇ, પાલન કરી-કરાવીએ. જો તમે એકલાં મનોમન સંકલ્પ લેશો તો કદાચ તૂટી જાય કે સંકલ્પ તોડવાનું બહાનું મળી રહે પણ પરિવાર સાથે રહી સુખી સ્વાસ્થ્યનો સંકલ્પ લઈશું તો વળગી રહેવાશે, તેનું પાલન કરી-કરાવી હેલ્ધી લાઈફ બનાવી ખુશીથી જીવન જીવી શકાશે. આવો લઈએ કેટલાક સરળ અને સ્વસ્થ સંકલ્પ, જે પાળવા જરાપણ અઘરા નથી.




**૧. બેઠાં-બેઠાં કામ નહીં કરુંઃ** આપણા મોટાભાગના રોગ પાછળ આપણું બેઠાડું જીવન જ જવાબદાર છે. માત્ર મગજ પાસે જ કામ લઈએ અને શરીરને કસીએ નહીં એ વ્યાજબી ન કહેવાય. ઘરે કે ઓફિસમાં બેઠાં-બેઠાં કામ કરવાનું હોય તો પણ થોડી વારે ઊભા થઈ શરીરને રિલેક્સ કરો, થોડું સ્ટ્રેચિંગ કરો જે કામ લાગશે.



**૨. ૮-૧૦ ગ્લાસ પાણી પીશઃ** સામાન્ય લાગતી આ આદત પણ પાડવી પડે તેમ છે. આખો દિવસ એસીમાં રહો કે ભરપૂર કામમાં રહો એટલે ક્યાંક તો તરસને આપણે અવગણીએ કે લાગે જ નહીં. સ્વાસ્થ્ય માટે પાણી ખૂબ અગત્યનું તત્વ છે. જોકે, જમતા પહેલા અને જમ્યા પછી તરત જ પાણી ન પીવું. એ સિવાય દિવસમાં ૧૦-૧૨ ગ્લાસ કે પછી ૮-૧૦ ગ્લાસ પાણી અવશ્ય પીવું જ.



**૩. બ્રેકફાસ્ટ કરવાનું ભૂલીશ નહીં:** હેલ્ધી નાસ્તો અર્થાત બ્રેકફાસ્ટ તમારા શરીરને આખો દિવસ કામ કરવાની એનર્જી પૂરી પાડે છે. એ ત્યાગવાથી તમારામાં શારીરિક જ નહીં - માનસિક બદલાવ પણ આવી શકે છે. બોડી બેલેન્સ જાળવવા ઉઠ્યાના એક કલાકની અંદર જ નાસ્તાની આદત પાડો. જો કાંઈ ગરમા-ગરમ ન ગમે તો એક ફ્રૂટ અને ૫-૭ ડ્રાયફ્રૂટ્સ લો.



**૪. બીમારીને અવગણીશ નહીં:** મોટાભાગના લોકો કામમાં રચ્યા-પચ્યા હોવાને કારણે, સમયના અભાવે કે પછી ગમે તે કારણસર પોતાને થતી પીડા કે તકલીફને અવગણતા હોય છે. નબળાઈ કે નાની શારીરિક તકલીફને પણ અવગણો નહીં. ઘરેલું ઈલાજ શક્ય હોય તો તે, નહીંતર ડોક્ટરને બતાવી આવો. શક્ય છે કે નાની તકલીફ કોઈ મોટી ખામીનું સૂચન કરતી હોય. દર ૬ માસે કે વર્ષે ફૂલ બોડી ચેકઅપ કરાવો.




**૫. ખોરાકની પસંદગી સુધારીશઃ** ઘરનો ખોરાક જ બેસ્ટ, પણ ક્યારેક બહાર ખાવું પડે કે ઈચ્છા થાય તો પણ શું ખાવું અને શું ન ખાવું એ સમજી લેવું જરૂરી છે. જે પણ ખાઓ તે તમારી શારીરિક દશાને જોઈ-સમજી-વિચારીને તમે હેરાન ન થાઓ એ રીતે ખાઓ. ડોક્ટરે ના કહી હોય તે ન જ ખાઓ. અઠવાડિયામાં એકવાર વાંધો ન આવે એ વાત મનમાંથી કાઢી નાખો.



**૬. રમત રમવાનું શરૂ કરીશઃ** તમને સમય મળે ત્યારે કે પછી રવિવારે કોઈ આઉટડોર રમત રમવાનું શરૂ કરી દો ને ચાલુ રાખો. કસરત કરો કે ચાલો, પણ જો એમાં કંટાળો આવતો હોય તો ક્રિકેટ, ફૂટબોલ, બેડમિન્ટન જેવી કોઈ રમત રમો. જે રમત માણસને ફિઝિકલની સાથે-સાથે મેન્ટલી પણ સ્ટ્રેસમુક્ત કરે છે અને હેલ્ધી રાખે છે. એકવાર ચાલુ કરી દો, જુઓ પછી રોજેરોજ રમવાની ઈચ્છા થશે જ.



**૭. લિફ્ટ નહી વાપરું - દાદર જ ચઢીશઃ** ઘર અને ઓફિસમાં લિફ્ટના બદલે દાદર ચઢીને આવન-જાવન કરો. એક્સ્ટ્રા સાઈઝની એક્સરસાઈઝ આપોઆપ નહીં બની જાય એ નક્કી છે!




**૮. સિઝનલ શાકભાજી - ફળ જ ખાઈશઃ** ફ્રૂટ અને શાકભાજી ખાવા જેટલું જરૂરી છે એટલું જ એ જરૂરી છે કે એ સિઝનલ હોય. જોકે, હવે તો બધું બારેમાસ મળવા લાગ્યું છે, એનો અર્થ એવો નથી કે શિયાળામાં કેરીનો રસ અને ચોમાસામાં તરબૂચ ખાઈએ! ક્યારેક સિઝન સિવાયના ફળ-શાક વાયડા પણ પડી શકે છે. સિઝનલ ફળ-શાકભાજી પચવામાં સરળ અને વધુ ગુણકારી હોય છે.



**૯. ઘરમાં નહીં ભરાઈ રહુંઃ** આ બદલાવ મોટાભાગે હાઉસવાઈફ માટે છે. આજે જ્યારે દરેક વસ્તુ ફોન કે મોબાઈલ દ્વારા ઘરે બેઠા મળી રહે છે ત્યારે અમુક સ્ત્રીઓ ૩-૪ કે ૫-૭ દિવસ સુધી ઘરની બહાર જ નીકળતી નથી. બાળકો સાથે પણ આવું બને છે. ઘરથી શાળા અને શાળાથી ઘર. દિવસ પૂરો થાય ત્યારે બહાર ખુલ્લા વાતાવરણમાં જાઓ, ગાર્ડનમાં એક-બે આંટા મારો, શાકભાજી ખરીદવા જાઓ, મન હળવું થશે ને હેલ્ધી રહેશો.




**૧૦. સૂવાના અડધા-પોણા કલાક પૂર્વે જ મોબાઈલ સાઈડ પર મૂકી દઈશઃ** મોબાઈલ, ટીવી વગેરેની લાઈટ આપણી ઊંઘને બગાડે છે ને આંખો પર આડઅસર કરે છે. સૂવા જાઓ ત્યારે બેડરૂમમાં મોબાઈલનો યુઝ ન કરો. કેટલાક લોકો મોડી રાત સુધી ટીવી જુએ છે કે મોબાઈલમાં મથે છે, એ આદત સુધારો. નહીંતર, અધૂરી ઊંઘ ઘણીબધી તકલીફો લાવશે.




**પ્રેરણાત્મક વિચારો**


**અમિતાભ બચ્ચનઃ** "ઉમ્મીદ કે સાથ નઈ શુરુઆત" - નવા વર્ષની શરૂઆત નવી આશાઓ અને હકારાત્મક વિચારધારાથી કરો. નિષ્ફળતા સાથે ગભરાયા વગર જે લોકો પડકારોનો સામનો કરવા તૈયાર હોય છે, જીત એમની જ હોય છે. મેં પણ મુશ્કેલ સમય જોયો છે. દેવું થઈ ગયું હતું, કામ નહોતું. યશ ચોપરા પાસે કામ માંગવા ગયો, એમણે મને 'મોહબ્બતે'માં રોલ આપ્યો અને ગાડી પાટે ચઢી ગઈ.



**હિલેરી ક્લિન્ટનઃ** "ભાવિ પેઢીને સંસ્કાર આપો" - સમયની સાથોસાથ પેરેન્ટિંગના નવા મંત્રો શીખવાની જરૂર છે. બાળકને આપનો પ્યાર, સ્નેહ, હૂંફ અને સથવારો આપો. તેમને ડોક્ટર, એન્જિનિયર, સ્પોર્ટ્સમેન કે કાંઈ પણ બનાવો, પણ સૌથી જરૂરી એ છે કે તેમને ઉત્તમ નાગરિક અને સારી માનવતા કેળવવામાં મદદ કરો.



**અબ્રાહમ લિંકનઃ** "આઝાદીની પરિભાષા બદલો" - આઝાદીનો અર્થ મુક્ત થવું, સ્વચ્છંદતા કે ઉદ્ધતતા નથી. આઝાદીની સીમા ત્યાં સુધી છે જ્યાં બીજાની આઝાદી બાધિત ન થાય. આપણા પરિવાર, સમાજ અને પ્રોફેશનલ જીવનમાં બીજાની આઝાદીને પણ એટલું જ મહત્વ આપવું જોઈએ.




**સોનમ કપુરઃ** "પારિવારિક મૂલ્યોને પ્રાધાન્ય આપો" - પરિવાર જ છે જે કુદરતના ચડાવ-ઉતારમાં સાથે ઊભો રહે છે. સંબંધોની પરીક્ષા કઠિન સમયમાં જ થાય છે. બાળકો જેટલી મહેનત કરે છે, એની પાછળનો હેતુ પરિવારની ખુશી હોય છે. મારા પિતાએ ખૂબ મહેનત કરીને અમને આગળ વધાર્યા છે.



**પ્રતિજ્ઞા :** "જો તમે ગઈકાલે લીધેલો એકે-એક સંકલ્પ પાળ્યો હોત તો કદાચ તમે સુકલકડી, કાબેલ, તંદુરસ્ત, સમૃદ્ધ હોત — અને ત્રાસેલા પણ..!"

જીવન તરંગ



જયસ્વી પટેલ

sanjogpurti@gmail.com

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ “ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

### કેબીનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, સંસ્થાના ચેરમેન વસંતભાઈ ગજેરા સહિતનાઓની હાજરીમાં

# એસ.એચ.ગજેરા કેમ્પસ ખાતે વસંતોત્સવ-૨૦૨૬ કાર્યક્રમ યોજાયો






અમરેલી,તા.૨૭

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સંચાલિત સ્કૂલ, કોલેજ અને હોસ્ટેલના સંયુક્ત ઉપક્રમે વસંતોત્સવ–૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત કેબિનેટ કક્ષાના મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજ્ય કક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયા તેમજ સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે સામાજિક, રાજકીય અને સેવાકીય ક્ષેત્રે કાર્યરત અનેક મહાનુભાવો પણ હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવા માટે શિક્ષણપ્રેમી, રમતવીરો તથા વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓ વિશેષ રૂપે હાજર રહ્યા હતા.કાર્યક્રમમાં મહેમાનોનું શાબ્દિક સ્વાગત સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ કર્યું હતું. સંસ્થાનો ટૂંકમાં પરિચય આપતાં તેમણે જણાવ્યું હતું કે સંસ્થા માત્ર શૈક્ષણિક જ્ઞાન પૂરતું સીમિત નથી, પરંતુ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના દ્રષ્ટિવંત નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રમતગમત, સાંસ્કૃતિક અને સાહિત્યિક ક્ષેત્રે પણ વિદ્યાર્થીઓને આગળ વધારવામાં આવી રહ્યા છે. સંસ્થા વિદ્યાર્થીઓમાં સંસ્કાર, જીવનમૂલ્યો અને સામાજિક જવાબદારીના ગુણો વિકસાવી સમાજને સશક્ત બનાવવા સતત પ્રયત્નશીલ છે.આ પ્રસંગે નેશનલ કક્ષાએ મેડલ પ્રાપ્ત કરનાર તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ દેશનું પ્રતિનિધિત્વ કરનાર ખેલાડીઓ તેમજ ગત બોર્ડની પરીક્ષામાં A૧ ગ્રેડ પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.બંને મંત્રીશ્રીઓ અને ધારાસભ્યએ સંસ્થામાં વિવિધ યોજનાઓ અંતર્ગત લાભ મેળવી રહેલા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અંગે જાણકારી મેળવી પ્રશંસનીય ઉદબોધન આપ્યું હતું. તેમણે અમરેલી જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે વસંતભાઈ ગજેરાનું વિશિષ્ટ યોગદાન તેમજ વાલીઓનો સંસ્થા મેનેજમેન્ટ પરનો વિશ્વાસ જિલ્લા વિકાસ માટે મજબૂત પાયો પૂરો પાડે છે તેમ જણાવ્યું હતું.કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, ટ્રસ્ટીઓ તથા ટ્રસ્ટ મંડળના સભ્યો, રાજકીય આગેવાનો, ઉદ્યોગપતિઓ, સામાજિક અગ્રણીઓ અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આમંત્રિત મહેમાનો, વાલીઓ અને વિદ્યાર્થીઓ માટે વિશેષ ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારબાદ સૂર સંધ્યા, સાંસ્કૃતિક કાર્યક્રમો, પિરામિડ, સેલ્ફ ડિફેન્સ જેવી અનેકવિવિધ સ્ટેજ કૃતિઓ દ્વારા પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર, તમામ પ્રિન્સિપાલ, સુપરવાઈઝરો તેમજ ટીચિંગ અને નોન-ટીચિંગ સ્ટાફે ખૂબ જ નિષ્ઠાપૂર્વક જવાબદારી ઉઠાવી હતી. અંતમાં મંત્રીઓ તથા ધારાસભ્યોએ સમગ્ર આયોજન બદલ સંસ્થા પરિવારને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

### વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓનું સન્માન કરાયુ

# વીજ બિલ-૨૦૨૫ અને ખાનગીકરણના વિરોધમાં ૧૨ ફેબ્રુઆરીએ દેશવ્યાપી હડતાળ : ગુજરાતના ૭૦૦૦ ઈજનેરો જોડાશે

અમરેલી, તા.૨૭

પાવર સેક્ટરના ખાનગીકરણ અને વીજળી (સુધારા) બિલ ૨૦૨૫ના વિરોધમાં ઓલ ઈન્ડિયા પાવર એન્જીનિયર્સ ફેડરેશન (AIPEF) દ્વારા આગામી ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ દેશવ્યાપી હડતાળ અને કામ બહિષ્કારનું એલાન કરવામાં આવ્યું છે. આ અંગે કેન્દ્રીય ઉર્જા મંત્રીને ઔપચારિક નોટિસ પાઠવવામાં આવી છે. આ હડતાળમાં GEBEA (ગુજરાત ઈલેક્ટ્રિસિટી બોર્ડ એન્જિનિયર્સ એસોસિએશન) પણ AIPEFની સંકલન સમિતિમાં જોડાયેલ હોવાથી, ગુજરાતના સાત હજાર જેટલા ઈજનેરો પણ ખાનગીકરણના વિરોધમાં હડતાળમાં જોડાશે. AIPEF ના અધ્યક્ષ શૈલેન્દ્ર દુબેએ જણાવ્યું હતું કે, આ હડતાળ જાહેર વીજ ક્ષેત્રને તોડી પાડતી નીતિઓ સામે લાખો કર્મચારીઓનો આક્રોશ છે. તેમણે કડક ચેતવણી આપી છે કે જો બજેટ સત્ર દરમિયાન સંસદમાં વીજળી (સુધારા) બિલ ૨૦૨૫ રજૂ કરવામાં આવશે, તો દેશભરના વીજ કર્મચારીઓ અને એન્જિનિયરો તાત્કાલિક કામ બંધ કરી રસ્તા પર ઉતરી આંદોલન કરશે. તેમણે ઉમેર્યું હતું કે પ્રસ્તાવિત બિલ અને રાષ્ટ્રીય વીજળી નીતિ ૨૦૨૬ એ સસ્તી વીજળી, જાહેર માલિકી અને રાષ્ટ્રીય ઉર્જા સુરક્ષા પર સીધો હુમલો છે.GEBEA ના સેક્રેટરી જનરલ એચ. જી. વઘાસીયાએ પણ આ માંગણીઓને સમર્થન આપ્યું છે. ફેડરેશન દ્વારા સરકાર સમક્ષ કેટલીક માંગણીઓ મુકવામાં આવી છે જેમાં વીજળી (સુધારા) બિલ-૨૦૨૫, શાંતિ અધિનિયમ-૨૦૨૫ અને રાષ્ટ્રીય વીજળી નીતિ-૨૦૨૬ તાત્કાલિક પાછી ખેંચવી. ઉત્તર પ્રદેશ સહિત દેશભરમાં વીજ ઉપયોગિતાઓના ખાનગીકરણ પર સંપૂર્ણ રોક લગાવવી. સ્માર્ટ મીટરિંગ યોજના પાછી ખેંચવી. નોકરીઓનું કરારીકરણ બંધ કરી કોન્ટ્રાક્ટ કર્મચારીઓને કાયમી કરવા. ખાલી જગ્યાઓ પર તાત્કાલિક ભરતી કરવી અને વીજ ક્ષેત્રના કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના (OPS) પુનઃસ્થાપિત કરવી. AIPEF એ સ્પષ્ટ કર્યું છે કે જો સરકાર અર્થપૂર્ણ ચર્ચા નહીં કરે તો વીજ પુરવઠામાં થતા કોઈપણ વિક્ષેપ માટે સરકાર સંપૂર્ણ જવાબદાર રહેશે.

# અમરેલીના ફતેપુર રોડ પર ફેલાયેલી ગંદકીથી શ્રધ્ધાળુઓમાં આક્રોશ



અમરેલી,તા.૨૭

અમરેલી તાલુકાના ફતેપુર રોડ પર નગરપાલિકા અને અન્ય તત્વો દ્વારા ગેરકાયદેસર રીતે ઠાલવવામાં આવતા કચરાને કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ અંગે આપ દ્વારા કલેક્ટર અને ચીફ ઓફીસરને રજૂઆત કરાઈ છે. સમગ્ર વિસ્તારમાં દુર્ગંધ અને ઝેરી વાતાવરણ સર્જાયું છે, જેનાથી જાહેર આરોગ્ય જોખમમાં મુકાયું છે. રોડ પર ભરાતા ગટરના પાણી અને મચ્છરોના ઉપદ્રવથી રોગચાળાનો ભય વધી રહ્યો છે.ખાસ કરીને, આસ્થાના કેન્દ્ર એવા ભોજલરામ બાપાના મંદિર ખાતે ટૂંક સમયમાં ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાનાર છે, જેમાં લાખો શ્રદ્ધાળુઓ ઉમટશે. આમ આદમી પાર્ટીએ આક્ષેપ કર્યો છે કે તંત્રની નિષ્ક્રિયતા અત્યંત નિંદનીય છે. 'આપ' દ્વારા માંગણી કરવામાં આવી છે કે આ ગેરકાયદેસર કચરાના ઢગલા તાત્કાલિક દૂર કરવામાં આવે, જો આ ગંદકી દૂર કરવામાં નહી આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચિમકી આમ આદમી પાર્ટી દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

# સાવરકુંડલામાં વિરબાઈ માંની ૨૨૦મી જન્મ જયંતિની ઉજવણી

સાવરકુંડલા,તા.૨૭

સૌરાષ્ટ્રના સંત શિરોમણી જલારામબાપાના પત્ની અને આદર્શ નારી શક્તિના પ્રતીક સમાન પરમ વિરબાઈ માંની ૨૨૦મી જન્મ જયંતિ તારીખ ૨૩ જાન્યુઆરી ૨૦૨૬, શુક્રવાર (વસંત પંચમી)ના રોજ સાવરકુંડલામાં ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવી હતી. વિરબાઈમાં ટીફીન સેવા ટ્રસ્ટ દ્વારા આ પ્રસંગે ભવ્ય ધાર્મિક કાર્યક્રમો અને સમૂહ જ્ઞાતિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. મહોત્સવ અંતર્ગત સાવરકુંડલાના જલારામ મંદિર ખાતે બપોરે ૧૨:૦૦ કલાકે રાજભોગ આરતી અને સાંજે ૭:૦૦ કલાકે સંધ્યા આરતી યોજાઈ હતી.

---

**નાની વડાળ ગ્રામ પંચાયત, તા.સવારકુંડલા, જી.અમરેલી**

**:: જાહેર હરરાજી ::**

આથી જાહેર હરરાજીમાં રસ ધરાવતા તમામ ઈસમોને જાણ કરવામાં આવે છે કે, સાવરકુંડલા તાલુકાના નાની વડાળ ગામ ખાતે આવેલ જુની ગ્રામ પંચાયત કચેરી, કોમ્યુનિટિ હોલના ઈમલો તથા કાટમાળની જાહેર હરરાજી આગામી **તારીખ:- ૩૦/૦૧/૨૦૨૬ને શુક્રવારે બપોરે ૩-૦૦ કલાકે** રાખેલ છે. તો હાજર રહેવા જાણ કરવામાં આવે છે. હરરાજીની બોલીઓ અને શરતો સ્થળ પર વાંચી સંભળવવામાં આવશે.

**સરપંચશ્રી** નાની વડાળ ગ્રામ પંચાયત — **તલાટિ મંત્રીશ્રી** નાની વડાળ ગ્રામ પંચાયત

---

# રાજસ્થળી પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક દિનની ઉજવણી



અમરેલી, તા.૨૮

રાજસ્થળી પ્રાથમિક શાળામાં ૭૭મા પ્રજાસતાક દિવસની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. સરપંચ ગણપતભાઈ સેંજલીયા દ્વારા ધ્વજ વંદન કરાયા બાદ દીપ પ્રગટાવી બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિવિધ કૃતિઓ દ્વારા રજૂ કરવામાં આવી હતી. આ વર્ષમાં જન્મેલ ગામની દીકરીઓને અને ગામની ઉચ્ચ અભ્યાસ કરતી દીકરીને સર્ટીફીકેટ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા બદલ શાળાના આચાર્ય તથા સમગ્ર સ્ટાફ પરિવારને અભિનંદન પાઠવેલ હતા.

---

**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ**

**-:: જાહેર નોટીસ ::-**

કેસ.નં.જન્મ-મરણ/૦૬/૨૦૨૬

શ્રી રસીલાબેન લખીરામ લશ્કરી(વા/ઓફ.રાજેશભાઈ નિમાવત,
રહે.મોટા દળવા, તા.ગોંડલ, જી-રાજકોટ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - સુખપુર
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી રસીલાબેન લખીરામ લશ્કરી(વા/ઓફ.રાજેશભાઈ નિમાવત)નો જન્મ તા.૦૫/૦૧/૧૯૬૮ ના રોજ ગામ/મોજે:સુખપુર,તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી- સુખપુર, તા.ભેંસાણ જિ.જુનાગઢ ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહરે નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધારા પુરાવાઓ સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ:- ૧૯ મી માહે:જાન્યુઆરી સને:૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

**સહી,**
**(આઈ.આર. પારગી)**
**મામલતદાર અને**
**એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ**
**ભેંસાણ**

---

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૦/૨૦૨૬

**પ્રતિ**
ડાંગર ધીરૂભાઈ રામભાઈ,
રહે. જામવાળા, ગામ-જામવાળા, તાલુકો- ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એન.એ.ગોહિલ ગીરગઢડા ........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ- મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, જામવાળા, તા.ગીરગઢડા,
જિ.ગીરસોમનાથ ....સામાવાળા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના **જામવાળા** ગામના રહીશ ડાંગર ધીરૂભાઈ રામભાઈ તથા ડાંગર બાજુબેન ધીરૂભાઈના પુત્રી વનીતાબેન ધીરૂભાઈ ડાંગરનો જન્મ તારીખ **03/10/1981** ના રોજ ગીરગઢડા તાલુકાના **જામવાળા** ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, જામવાળા, તાલુકો-ગીરગઢડા સને.**1981** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭/૦૨/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૦ /૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

**સહી,**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,**
**ગીરગઢડા**

---

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.30/2026
જન્મ તારીખ : 30/01/1984

શ્રી મકબુલખાન મજીદખાન પઠાણ,
રહે.આનંદનગર, જીન પ્લોટ, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર,
નગરપાલિકા, કોડીનાર, તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...**સામાવાળા**

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી મકબુલખાન મજીદખાન પઠાણ, રહે. આનંદનગર, જીન પ્લોટ, કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી મજીદખાન હલીમખાન પઠાણ તથા નેકનબુ મજીદખાન પઠાણ ના પુત્રી રાબીયા મજીદખાન પઠાણનો જન્મ તારીખ.૩૦/૦૧/૧૯૮૪ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૯/૦૧/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

---

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ નં.૧૨/૨૦૨૬

**પ્રતિ,**
શ્રી પરમાર મસરીભાઈ ભીમાભાઈ,
રહે.કાજ, ગામ-કાજ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કાંજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીરસોમનાથ ...**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કાજ ગામના રહીશ શ્રી પરમાર મસરીભાઈ ભીમાભાઈ તથા શ્રી પરમાર રંભુબેન મસરીભાઈના પુત્રી લલિતાબેન મસરીભાઈ પરમારનો જન્મ તારીખ. ૦૧/૦૬/૧૯૮૧ ના રોજ કોડીનાર તાલુકાના કાજ ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કાજ, તાલુકો-કોડીનાર સને.૧૯૮૧ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૭/૦૧/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૬/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

---

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૦૬/૨૬ — તા.૧૨/૦૧/૨૦૨૬

વિવાદી :- **શ્રી વાલાભાઈ વાઘાભાઈ ગોલીતર, મુ.નાના રાજકોટ, તા.લાઠી, જી.અમરેલી**
**અરજદારશ્રીના વિ.વ.શ્રી શોભિનીબેન બી.વોરા-એડવોકેટ**
**જુનુ માર્કેટયાર્ડ, સિધ્ધિવિનાયક શોપિંગ સેન્ટર, દુકાન નં.૪૧/૪૨, અમરેલી મો.૯૦૧૬૪૦૫૩૬૮**

**- //વિરૂધ્ધ//-**

પ્રતિવિવાદી :- જન્મ-મરણ નોંધણી અધિકારી - વ - તલાટી કમ મંત્રી શ્રી
મુ.નાના રાજકોટ, તા.લાઠી, જિ.અમરેલી

**-// નોટીસ //-**
**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.નાના રાજકોટ ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પુત્રનો નારાયણભાઈ વાલાભાઈ ગોલીતરનો જન્મ તા.૦૨/૦૭/૨૦૦૦ ના રોજ નાના રાજકોટ, તા. લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૮/૦૧/૨૦૨૬થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૬/૦૨/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

---

**ધારીના મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટમાં**

**જ.મ. અપીલ રજી નં. ૪૦/૨૦૨૬** — **તા.૧૬/૦૧/૨૦૨૬**

અરજદાર :- શ્રી ગોહેલ દિપકભાઈ કનુભાઈ
ઠે.જુના સિનેમા રોડ વણકરવાસ - ધારી
રહે. ધારી, તા.ધારી, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ -મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.ધારી, તા.ધારી, જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ધારી તાલુકાના ધારી ગામમાં અરજદારશ્રી એ તેઓના મોટા ભાઈ ગોહેલ હરેશકુમાર ના મરણ તા.૦૪/૦૭/૨૦૦૪નાં રોજ ધારી ગામે થયેલ હોવાની નોંધ દાખલ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામનાં સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમનાં મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ ફરમાવવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૬/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ,**
**ધારી**

---

**-//મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૦૮/૨૦૨૬ — તા.૧૭/૦૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. દેવશીભાઈ નાગજીભાઈ માલાણી
રહે. જાબાળ, તા.સાવરકુંડલા, જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી જાબાળ, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી દેવશીભાઈ નાગજીભાઈ માલાણીનો જન્મ તા.૦૫/૧૨/૧૯૬૨ ના રોજ મુ.જાબાળ, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# 'ફાઈવ ડે વીક'ની માંગ સાથે અમરેલી જિલ્લાના ૬૦૦થી વધુ બેન્ક કર્મીઓની હડતાલ

અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લામાં ૨૭.૦૧.૨૦૨૬ના રોજ ૫ દિવસ બેંકિંગની મુખ્ય માંગણી સાથે તમામ રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા હતા. અમરેલી શહેર સહિત જિલ્લાભરની સરકારી બેંકોના ૬૦૦થી વધારે કર્મચારીઓ આ હડતાળમાં જોડાતા કરોડો રૂપિયાના રોકડ વહીવટ તેમજ ચેક ક્લીયરિંગની કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી.આ હડતાળના સંદર્ભમાં UFBUના નેજા હેઠળ અમરેલી ખાતે SBIની નાગનાથ ચોક શાખાના કમ્પાઉન્ડમાં એકત્ર થઈને કર્મચારીઓએ નારા લગાવી વિરોધ વ્યક્ત કર્યો હતો. આ વિરોધ પ્રદર્શનમાં



બેંક કર્મચારી આગેવાનો પ્રશાંતભાઈ ઠુમ્મર (SBI), ધવલભાઈ ઉનડકટ (SBI), જયરાજભાઈ ખુમાણ (BOI) અને રાહુલભાઈ ત્રિવેદી (BOB) સહિતના અગ્રણીઓ જોડાયા હતા.કર્મચારી આગેવાનોના જણાવ્યા અનુસાર, માર્ચ ૨૦૨૪માં ઈન્ડિયન બેંક એસોશિએશન અને યુનિયન વચ્ચે થયેલા ૧૨મા દ્વિપક્ષીય કરાર દરમિયાન તમામ શનિવારે રજા જાહેર કરવા પર સહમતી બની હતી, પરંતુ હજુ સુધી સરકાર દ્વારા તેની અધિસૂચના બહાર પાડવામાં આવી નથી. યુનિયનોની દલીલ છે કે તેઓ સંતુલિત કાર્યપ્રણાલીની માંગ કરી રહ્યા છે અને તેના બદલામાં દરરોજ ૪૦ મિનિટ વધારાનું કામ કરવા પણ તૈયાર છે. હાલમાં મહિનાના બીજા અને ચોથા શનિવારે જ રજા હોય છે, ત્યારે કરાર મુજબ તમામ શનિવારે રજા જાહેર કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# અમરેલીમાં ૯.૨ ડિગ્રી સાથે રાજયમાં કડકડતી ઠંડીથી લોકો ધ્રુજી ઉઠયા

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૨૭

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી શિયાળાની ઠંડીએ પૂરું જોર પકડ્યું છે. વાદળછાંયા વાતાવરણ વચ્ચે સવારના સમયે અને મોડી રાત્રે ઠંડીનો અહેસાસ વધુ તીવ્ર બની રહ્યો છે. ભારતીય હવામાન વિભાગના તાજા અહેવાલ મુજબ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં નોંધપાત્ર રીતે નીચું નોંધાઈ રહ્યું છે, જેના



કારણે લોકોને ગરમ કપડાંનો સહારો લેવો પડી રહ્યો છે.

રાજ્યમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન કચ્છના નલિયામાં ૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જે સિઝનના સૌથી ઠંડા દિવસોમાંનો એક ગણી શકાય. ત્યારબાદ અમરેલીમાં ૯.૨ ડિગ્રી સાથે ઠંડીની તીવ્રતા યથાવત્ જોવા મળી છે.મુખ્ય શહેરોના લઘુત્તમ તાપમાનની વિગતો આ પ્રમાણે છે:અમદાવાદ: ૧૬.૧ ડિગ્રી,ડીસા: ૧૨ ડિગ્રી,ગાંધીનગર (રાજધાની): ૧૫.૧ ડિગ્રી,વડોદરા: ૧૫.૮ ડિગ્રી,કચ્છ વિસ્તારમાં ઠંડી વધુ તીવ્ર છે:ભુજ: ,૧.૮ ડિગ્રી,મુંદ્રા: ૧૩.૫ ડિગ્રી,કંડલા: ૧૧.૭ ડિગ્રી: સૌરાષ્ટ્રમાં પણ તાપમાન નીચું રહ્યું છે:કેશોદ અને રાજકોટ: ૧૧.૨ ડિગ્રી.ભાવનગર: ૧૫.૨ ડિગ્રી. સુરેન્દ્રનગર: ૧૪ ડિગ્રી,પોરબંદર: ૧૪.૪ ડિગ્રી,મહુવા: ૧૩.૬ ડિગ્રી

# સુરત ખાતે કોળી સમાજના લોકોને આક્રમક શૈલીમાં સંબોધન કરતા હીરા સોલંકી

સુરત, તા.૨૮

બગદાણાના પૂર્વ સરપંચ નવનીત બાલધિયા પર થયેલા જીવલેણ હુમલા મામલે ગુજરાતનું રાજકારણ અને સામાજિક વાતાવરણ ગરમાયું છે. આ કેસમાં માયા આહીરના પુત્ર જયરાજ આહીરની ધરપકડ બાદ ગત રાત્રિના ધારાસભ્ય હીરા સોલંકીએ સુરત ખાતે કોળી સમાજની એક વિશાળ બેઠકને સંબોધન કર્યું હતું. હીરા સોલંકીએ અત્યંત આક્રમક શૈલીમાં જણાવ્યું હતું કે આઠ લોકો મળીને એકને



મારે છે, તોય ભડના દીકરાએ માફી નથી માગી. છેતરીને માર્યો અને તેનો વીડિયો બનાવ્યો એ મને ખટક્યું. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે સમાજ સામે થતી કોઈપણ પ્રકારની દાદાગીરી હવે ચલાવી લેવામાં આવશે નહીં.

# વાવ-થરાદ જિલ્લામાં રાજયકક્ષાના ૭૭મા પ્રજાસત્તાક દિવસની હર્ષોલ્લાસભેર ઉજવણી

પાલનપુર,તા.૨૭

ગુજરાત સહિત દેશમાં ૭૭મા પ્રજાસત્તાક દિવસની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. વાવ થરાદ જિલ્લામાં ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ રાજ્યપાલના વરદ હસ્તે અહીં તિરંગો લહેરાવવામાં આવ્યો હતો. રાજ્યકક્ષાનો મુખ્ય કાર્યક્રમ બનાસકાંઠાના વાવ-થરાદ ખાતે યોજાયો હતો. જ્યાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી



ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જ્યારે અમદાવાદ જિલ્લા કક્ષાની ઉજવણીમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તિરંગો લહેરાવ્યો હતો. ૭૭મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે વાવ-થરાદ જિલ્લાના મલુપુર ખાતે આયોજિત રાજ્યકક્ષાની ઉજવણીમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ ગૌરવપૂર્ણ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા તથા રાજ્યપાલ સાથે ખુલ્લી જીપમાં પરેડનું નિરીક્ષણ કરી નાગરિકોનું ઉષ્માભર્યું અભિવાદન ઝીલ્યું હતું. રાષ્ટ્રગૌરવની ભાવના સાથે પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં શિસ્ત, શૌર્ય અને સંસ્કૃતિનો અદભૂત સંગમ જોવા મળ્યો હતો.

# રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગરના ભાજપ પ્રમુખો બદલાય તેવી શક્યતા


અમદાવાદ,તા.૨૭

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા આગામી સમયમાં નવા સંગઠનની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. આ સંગઠન પરિવર્તનમાં સૌરાષ્ટ્રના મહત્વના ત્રણ જિલ્લાઓ રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગરના પ્રમુખો બદલાય તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. ભાજપના મોવડી મંડળ દ્વારા સંગઠનને વધુ મજબૂત કરવા માટે આ મોટા ફેરફાર કરવામાં આવી શકે છે. રાજકોટ શહેર અને જિલ્લા ભાજપના સંગઠનમાં મોટા ફેરફાર થવાની અટકળોએ જોર પકડ્યું છે. રાજકીય વર્તુળોમાં ચર્ચાતી વિગતો મુજબ, શહેર પ્રમુખ ડો. માધવ દવે અને જિલ્લા પ્રમુખ અલ્પેશ ઢોલરીયાને તેમના પદ પરથી બદલવામાં આવી શકે છે. ખાસ વાત એ છે કે ડો. માધવ દવેને હજુ માર્ચ ૨૦૨૫માં જ પ્રમુખની જવાબદારી સોંપાઈ હતી. જો માત્ર ૧૦ મહિનાના ટૂંકા સમયગાળામાં જ તેમને હટાવવામાં આવશે, તો તે શહેર ભાજપના રાજકારણ માટે સૌથી મોટા અને આંચકાજનક સમાચાર સાબિત થઈ શકે છે.

# ગાંધીનગરમાં ત્રણ વર્ષમાં માર્ગ અકસ્માતથી ૬૪૦ લોકોનાં મોત

ગાંધીનગર,તા.૨૭

ગુજરાતનું પાટનગર ગાંધીનગર વિકાસ અને હરિયાળી માટે ઓળખાય છે, પરંતુ હવે અકસ્માતોને કારણે આ જ શહેરના માર્ગો વાહનચાલકો માટે 'ડેથ ટ્રેપ' સાબિત થઈ રહ્યા છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલા રસ્તાઓ છતાં માર્ગ અકસ્માતો કાબૂમાં આવતા નથી અને નિર્દોષ માનવ જિંદગીઓ રોજિંદી રીતે હોમાઈ રહી છે.



ગાંધીનગર જિલ્લા પોલીસ અને ટ્રાફિક વિભાગના આંકડાઓ મુજબ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લામાં કુલ ૨૨૦૧ માર્ગ અકસ્માતો થયા છે, જેમાં ૬૪૦ લોકોએ જીવ ગુમાવ્યો છે.૨૦૨૩: ૭૮૮ અકસ્માત, ૨૧૧ મોત,૨૦૨૪: ૭૬૮ અકસ્માત, ૨૧૫ મોત,૨૦૨૫: ૬૪૫ અકસ્માત, ૨૧૪ મોત અકસ્માતોની સંખ્યામાં થોડો ઘટાડો જોવા મળે છે, પરંતુ મૃત્યુઆંકમાં કોઈ ખાસ ઘટાડો થયો નથી, જે ગંભીર ચિંતાનો વિષય છે.

# રાજકોટમાં આગ લાગતા ૧૫ ઝૂંપડા અને ૧૦ ફૂટની લારીઓ બળીને ખાખ, ૨૫ પરિવારોની છત છીનવાઈ

રાજકોટ,તા.૨૭

રંગીલા રાજકોટમાં ૨૬ જાન્યુઆરીની સવાર અને અગાઉની રાત આગની બે મોટી દુર્ઘટનાઓ લઈને આવી. શહેરના થોરાળા અને એસ્ટ્રોન ચોક વિસ્તારમાં લાગેલી આગમાં કુલ ૨૫થી વધુ પરિવારો પાયમાલ થઈ ગયા છે. કોઈકની રહેવાની છત છીનવાઈ તો કોઈકની આજીવિકાનું સાધન બળીને રાખ થઈ ગયું. આજે વહેલી સવારે થોરાળા



પોલીસ સ્ટેશનની પાછળ આવેલી ઝૂંપડપટ્ટીમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. પવનની ગતિ વધુ હોવાને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને આશરે ૧૫ જેટલા ઝૂંપડાઓ બળીને ખાખ થઈ ગયા હતા. જ્યારે ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્યારે સ્થાનિકોએ રોષે ભરાઈને હોબાળો કર્યો હતો, તેમ છતાં ૫ ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

આ દુર્ઘટનાની જાણ થતા જ ધારાસભ્ય ઉદય કાનગડ તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને માનવતા દાખવી અસરગ્રસ્ત ૧૫ પરિવારોને સાંત્વના પાઠવી તેમજ પ્રત્યેક પરિવારને ૫,૦૦૦ની રોકડ સહાયની જાહેરાત કરી હતી.




# ગાંધીનગર ખાતે ક્ષત્રિય ઠાકોર સમાજનું મહાસંમેલન યોજાયુ

ગાંધીનગર,તા.૨૭

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સમાજમાં યુવાશક્તિને જાગ્રત કરવા, વ્યસનમુક્તિ, રોજગાર, શિક્ષણ અને સમાજના વિકાસ જેવા મુદ્દાઓ પર ચિંતન કરવા માટે ગાંધીનગરના રામકથા મેદાનમાં 'અભ્યુદય મહાસંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં અડધી રાત્રે ૩ વાગ્યા પહેલાંથી જ હજારોની સંખ્યામાં સમાજના લોકો એકત્ર થયા હતા અને સંમેલનના મુખ્ય એજન્ડા સમાજની એક્તા અને શિક્ષણને



લઈને જાગૃતિને સમર્થન આપ્યુ હતું. ઠાકોર સમાજના મહાસંમેલનમાં અલ્પેશ ઠાકોરે હુંકાર કરતાં જણાવ્યું હતું કે હું વિવેકી છું, ડરપોક નહીં. રાજનીતિમાં કંઈ આપી નહીં શકું તો રાજનીતિ છોડી દઈશ.'

# સુરતના લિંબાયત વિસ્તારમાં પત્નીએ દૂધમાં ઝેર આપી, ગળુ દબાવી પતિની હત્યા કરી

સુરત,તા.૨૭

સુરતના લિંબાયત વિસ્તારમાં એક કંપારી છૂટી જાય તેવી હત્યાની ઘટના સામે આવી છે. અહીં એક પત્નીએ પોતાના જ પતિની નિર્મમ હત્યા કરી હોવાનું ખુલ્યું છે. આ હત્યા પાછળનું કારણ પતિ દ્વારા લેવામાં આવતી સેક્સવર્ધક દવાઓ અને તેના કારણે કરવામાં આવતો સતત શારીરિક તથા માનસિક ત્રાસ હોવાનું સામે આવ્યું છે.



પ્રાથમિક રીતે સામાન્ય બીમારીથી મોત થયું હોવાનું બતાવાયું હતું, પરંતુ દફનવિધિ સમયે ઊભા થયેલા વિવાદ બાદ સમગ્ર ઘટનાનો ચોંકાવનારો ખુલાસો થયો. મૃતક હેદરઅલી મુંબઈમાં નોકરી કરતો હતો અને તે મહિનામાં એકાદવાર સુરતમાં પોતાના ઘરે આવતો હતો. પત્નીના જણાવ્યા મુજબ, પતિ જ્યારે પણ ઘરે આવતો ત્યારે સેક્સવર્ધક ગોળીઓનું સેવન કરીને અત્યંત ક્રૂરતા આચરતો હતો. આ અત્યાચાર એટલો ભયાનક હતો કે તેને ગંભીર શારીરિક ઈજા અને માનસિક પીડા સહન કરવી પડતી હતી.







